**આજનો સુવિચાર**

દુનિયાની દરેક સમસ્યા તમારી હિંમત આગળ ઘૂંટણિયે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/24
(VALID up to 31-12-2026)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૮ અંક : ૧૧૯ જૂનાગઢ તા.૦૨-૦૫-૨૦૨૪ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 119, Junagadh : Date : 02 May, 2024, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay


# આજે સૌરાષ્ટ્રમાં વડાપ્રધાનનો ઝંઝાવાતી ચૂંટણી પ્રચાર



## ભારે ગરમી હોવા છતાં જૂનાગઢ, જામનગર, સુરેન્દ્રનગરમાં ચૂંટણી સભા સ્થળે લોકોની ભારે ભીડ : લોખંડી બંદોબસ્ત

રાજકોટ, તા. ૨

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે સૌરાષ્ટ્રના ચૂંટણી પ્રવાસે છે. સુરેન્દ્રનગર, જુનાગઢ અને જામનગરમાં ભાજપની વિશાળ જાહેર સભાઓ યોજાઈ રહી છે વડાપ્રધાન મોદી સૌરાષ્ટ્રની લોકસભાની બેઠકોના મતદારોને તેઓ વિકાસની ગેરંટી આપી રહ્યા છે. આજે બપોરે સુરેન્દ્રનગરમાં વડાપ્રધાનની સભા માટે ભારે ઉત્સાહ જોવા મળી રહયો છે. ત્યારબાદ હાલના શેડયુલ મુજબ બપોરે ૨.૧૫ કલાકે જુનાગઢ અને સાંજે ૪.૧૫ કલાકે જામનગરમાં વડાપ્રધાન જાહેરસભાને સંબોધશે.

સુરેન્દ્રનગરમાં કોળી જ્ઞાતિના જુદા જુદા સમાજ વચ્ચે ઉમેદવારનું નામ જાહેર થયા બાદ વિવાદ સર્જાયો હતો. તો જામનગરમાં ક્ષત્રિય સમાજમાં હજુ વિરોધ દેખાઈ રહ્યો છે. જુનાગઢમાં છેલ્લી ઘડીએ અમુક વિવાદ વચ્ચે પણ રાજેશ ચુડાસમા ભાજપની ટીકીટ લાવવામાં સફળ થયા હતા આ બેઠકો અને આજુબાજુના મત વિસ્તારમાં પણ મોદી લોકોને સંદેશ આપશે.

રાજકોટના ઉમેદવાર રૂપાલા સામે ક્ષત્રિય સમાજનો વિરોધ સૌરાષ્ટ્રમાં પ્રસર્યો છે ત્યારે આ મામલે પ્રધાનમંત્રી નામ લીધા વગર રાષ્ટ્ર હિતમાં સૌનો સહકાર માંગી રહ્યા છે. આ લખાય રહયું છે ત્યારે પ્રાપ્ત અહેવાલ મુજબ સુરેન્દ્રનગર રાજકોટ રોડ ઉપર આવેલ ત્રિમંદિર સામે વડાપ્રધાનની જાહેરસભા યોજાઈ રહી છે ત્યારબાદ બપોરે ૨.૧૫ કલાકે જૂનાગઢમાં કૃષિ યુનિ. કેમ્પસ ખાતે જાહેરસભા યોજાશે અને ત્યારબાદ જામનગરમાં પ્રદર્શન મેદાન સાત રસ્તા ખાતે વડાપ્રધાન મોદીની ચૂંટણી જાહેરસભા યોજાશે આજે ભારે ગરમી હોવા છતાં પણ ચૂંટણીસભા સ્થળે લોકોની ભારે ભીડ ઉમટી રહી હોવાનું જાણવા મળે છે અને સુરેન્દ્રનગર, જામનગર, જૂનાગઢમાં વડાપ્રધાનની ચૂંટણીસભાને લઈને લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. વડાપ્રધાન તેમની ચૂંટણી સભાઓમાં કેન્દ્રમાં ત્રીજીવાર ભાજપની સરકાર રચવા માટે કમળનું બટન દબાવવા અને ભાજપને જીતાડવા અપીલ કરી રહયા છે અને ફરી એકવાર મોદી સરકારનું સુત્ર ગાજી રહયું છે.

## મતદાન આડે હવે ગણતરીનાં દિવસો બાકી છતાં ચૂંટણી પ્રચાર તદ્દન નિરસ

નવી દિલ્હી,તા. ૨

આગામી તા.૭ મે-૨૦૨૪ના રોજ ચૂંટણીનુ મતદાન યોજાવાનુ છે. હવે મતદાનને આડે માત્ર પાંચ દિવસ બાકી રહ્યાં છે, પરંતુ હજૂ સુધી પહેલા જેવો ચૂંટણીનો માહોલ જામતો નથી. ત્યારે હવે જાહેર ચૂંટણી પ્રચાર માટે ગણતરીના ચાર દિવસ રહ્યાં છે. કારણ કે, તા.૫મી મેના રોજ સાંજે ૬ કલાકથી ચૂંટણી પ્રચાર પર પ્રતિબંધ લાગી જશે અને પ્રચાર પડઘમ શાંત થઈ જશે.

ભાજપની રેલીઓ, સભાઓમાં નોંધપાત્ર કાર્યકરો જોવા મળે છે, પરંતુ કોંગ્રેસની સભાઓમાં એકલ-દોકલ કાર્યકરો પ્રચાર માટે નીકળે છે. જેથી કોંગ્રેસનો પ્રચાર સાવ ફિક્કો જોવાઈ રહ્યો છે. કેન્દ્રીય ચૂંટણી પંચના આદેશ મુજબ તા.૫ મેના રોજ સાંજે ૬ કલાક પછી ઉમેદવારના જાહેરસભા, સરઘસ અથવા અન્ય કોઈ પણ રીતે એકત્રિત કરવા, આયોજન કરવા કે સંબોધન કરવા ઉપર પ્રતિબંધ લાગી જશે. જેથી હવે જાહેર ચૂંટણી પ્રચાર માટે તા.૨ મેથી તા.૫ મે સુધી માત્ર ચાર દિવસ જ રહ્યાં છે. ત્યારે ચૂંટણી પ્રચારનો કેવો માહોલ બને છે તે જોવુ રહ્યું.

## મે મહિનામાં ૧૧ દિવસ હીટવેવ રહેશે : એપ્રિલ મહિનામાં સરેરાશ ઉંચા તાપમાનનો ૧૨૭ વર્ષનો રેકોર્ડ તુટયો

નવી દિલ્હી,તા.૨

ભારતમાં ઉનાળો ઘણો આકરો નિવડી રહ્યો છે. એપ્રિલ મહિનામાં સરેરાશ ઉંચા તાપમાનનો છેલ્લા ૧૨૭ વર્ષનો રેકોર્ડ તૂટયો છે અને મે મહિનાનું તાપમાન પણ નોર્મલ કરતા ઉંચુ રહેવા સાથે ૧૧ દિવસ હીટવેવની હાલત રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે.

ભારતીય હવામાન વિભાગ દ્વારા ચાલુ મે મહિનાનાં સંભવીત તાપમાનનો રીપોર્ટ જારી કરવામાં આવ્યો છે. વેધશાળાનાં વડા મૃત્યુંજય મહાપાત્રએ કહ્યુ કે, એપ્રિલમાં તા.૫ થી ૭ અને પછી ૧૫ થી ૩૦ તારીખ દરમ્યાન બે તબકકામાં લુ-હીટવેવની સ્થિતિ સર્જાઈ હતી. સરેરાશ મહતમ તાપમાન ૩૧ ડીગ્રી નોંધાયુ હતું. પૂર્વ તથા પૂર્વોતમ ભારતમાં સરેરાશ ન્યુનતમ તાપમાન ૨૮.૦૨ ડીગ્રી નોંધાયુ હતું. ૧૯૦૧ પછીના ૧૨૩ વર્ષોમાં પ્રથમ વખત ન્યુનતમ તાપમાન આટલુ ઉંચુ નોંધાયુ છે. ૧૯૮૦ ના દાયકા બાદ દક્ષિણી ક્ષેત્રમાં સરેરાશથી વધુ તાપમાન નોંધાવાનું હવે કાયમી થઈ ગયુ છે.

## જો વિશ્વમાં પરમાણુ યુધ્ધ થાય તો માત્ર ૭૨ મિનિટમાં ૩૦૦ કરોડ લોકો મોતને ભેટે

નવી દિલ્હી તા. ૨ : નાટો દળોએ રશિયા-યુક્રેન યુદ્ધમાં પ્રવેશ કર્યો છે. રશિયન ઈન્ટેલિજન્સ અહેવાલો છે કે યુએસ અને ફ્રેન્ચ મરીન કમાન્ડો સીધા યુક્રેન યુદ્ધમાં પ્રવેશ્યા છે અને હવે નાટો એરફોર્સના પાઈલોટ્સ પણ લશ્કરી કાર્યવાહી શરૂ કરી શકે છે. તેનો સીધો અર્થ છે વિશ્વ યુદ્ધની ચેતવણી. રશિયા માટે જાસૂસી કરનાર એક જર્મન સૈન્ય અધિકારીએ કહ્યું છે કે રશિયાની પરમાણુ હુમલાની તૈયારી પૂર્ણ થઈ ગઈ છે. વ્લાદિમીર પુતિન કોઈપણ સમયે હાઈપરસોનિક મિસાઈલ વડે પરમાણુ હુમલાના આદેશ જારી કરી શકે છે. એવી આશંકા છે કે જો પરમાણુ યુદ્ધ ફાટી નીકળશે તો ૭૨ મિનિટમાં પૃથ્વી પર પાંચ હજાર પરમાણુ વિસ્ફોટ થશે અને અકલ્પનીય વિનાશ થશે. ૭૨ મિનિટમાં ૫૨ મહાવિનાશ સર્જાય જશે. રશિયન મિસાઈલ છોડતાની સાથે જ તે ૨૫ મિનિટમાં ન્યૂયોર્ક પહોંચી જશે. ન્યુક મેપના અનુમાન મુજબ આ પહેલા હુમલામાં જ ૧૬ લાખ લોકો માર્યા જશે અને ૩૦ લાખ લોકો ઘાયલ થશે. આ પછી ૨૫ થી ૫૦ મિનિટમાં પૃથ્વી પર પરમાણુ યુદ્ધ શરૂ થઈ જશે. યુરોપ પર રશિયાના હુમલા શરૂ થશે. અમેરિકા અને ફ્રાન્સ મળીને રશિયા પર પરમાણુ હુમલો કરશે. અમેરિકા અને બ્રિટન મળીને ચીન પર પરમાણુ હુમલો કરશે અને ચીન પણ વળતો જવાબ આપશે.

## કોવીશિલ્ડ વિવાદ બાદ વેકસીન સર્ટીફીકેટ પરથી વડાપ્રધાન મોદીની તસ્વીર રાતોરાત દુર કરી દેવાતા આશ્ચર્ય

નવી દિલ્હી,તા.૨

દેશમાં કોરોના સામે રામબાણ ઈલાજ જેવી વેકસીનના મુદે હવે સર્જાયેલા વિવાદમાં એક નવો રસપ્રદ વળાંક આવ્યો છે. એક તરફ કોવિશિલ્ડ સામે છેક સુપ્રીમમાં તેની આડ અસર અંગે તપાસ માટે મેડીકલ બોર્ડ રચવાની અરજી થઈ છે તો બીજી તરફ વેકસીનના બે ડોઝ લીધા બાદ દેશભરમાં લોકોને ઓનલાઈન વેકસીન સર્ટીફીકેટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તસ્વીર સાથેનું જે સર્ટીફીકેટ અપાયુ હતું તેમાંથી મોદીની તસ્વીર દુર કરી દેવામાં આવી છે.

અગાઉ સર્ટીફીકેટમાં વડાપ્રધાનની તસ્વીર સાથે દવાઈ ભી ઔર કડાઈ ભી એટલે કે દવાની સાથે કોરોના અંગે જે સાવચેતીના પગલા લેવાના હતા તેનો પણ આકરો અમલનો સંદેશો અપાયો હતો અને જણાવાયું હતું કે સૌ સાથે મળીને ભારત કોવિડ-૧૯ને પરાજીત કરશે. પરંતુ સ્વાસ્થ્ય મંત્રાલયે સ્વીકાર્યુ છે કે, વેકસીન સર્ટીફીકેટમાંથી હવે વડાપ્રધાનની તસ્વીર જોવા મળશે નહી.

માઈક્રોબ્લોગીંગ પ્લેટફોર્મ એકસ પર લોકો આ અંગે ચર્ચા કરી રહ્યા છે. એક હેન્ડલ પર લખાયુ કે, કોવિડ વેકસીન સર્ટીફીકેટમાં હવે મોદીજી નજરે ચડતા નથી તે તપાસવા માટે જ સર્ટીફીકેટ ફરી ડાઉનલોડ કર્યુ અને વાસ્તવમાં મોદીની તસ્વીર ગાયબ થઈ ગઈ છે અને તેની જગ્યાએ કયુઆર કોડ આવી ગયો છે.

ભારત સરકારના કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે કોવિડ-૧૯ વેક્સિનના સર્ટિફિકેટમાં મોટા ફેરફારો કર્યા છે. સરકારે કોવિન સર્ટિફિકેટમાંથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ફોટો હટાવી દીધો છે. આ પહેલા તેમની તસવીરને ખાસ જગ્યા આપવામાં આવી હતી અને લખવામાં આવ્યું હતુ - 'સાથે મળીને ભારત કોરોનાને હરાવી દેશે.' કેટલાક લોકોનો દાવો છે કે વેક્સિન બનાવતી કંપની એસ્ટ્રાઝેનેકાએ યુકેની કોર્ટમાં તેની આડ અસરોનો સ્વીકાર કર્યા બાદ આ પગલું ભરવામાં આવ્યું હોવાનું મનાય રહયું છે.


હરસ, ભગંદર, ફીશરની
ગુજરાતમાં સૌપ્રથમ અમેરીકન
હાર્મોનિક ફોકસ, લેસર-HAL-IRC
દાખલ થયા વિના સારવાર
ડૉ. વેકરીયા - પાઈલ્સ હોસ્પિટલ





## ગાય આધારિત ખેતી અને ઓર્ગેનિક ખેતી

**ખેડૂતો ને આ પ્રયોગમાં ૨૦/- રૂપિયાનું નુકશાન થશે તો ૧ કરોડ રૂપિયાનું ઈનામ જાહેર કરવામાં આવ્યું છે.**

**• દેશી ગાય નું દૂધ ૨૫૦ મિલી, ગોળ ૧૦૦ ગ્રામ અને ૨૫૦ મિલી ગૌમૂત્ર ની સાથે ૨૫૦ મિલી ગોબર નું પાણી અને સાથે બે બાક્સના ખોખા ગાયના છાણાંની રાખ આ બે થી ત્રણ વાર ૧૫ લિટરના પંપમાં ફ્લાવરિંગ સમયે છંટકાવ કરવાથી બહુ સારું પરિણામ મળે છે.**

1. મગફળી અને ચણા જયારે ફ્લાવરિંગ અવસ્થામાં હોય ત્યારે પહેલો છંટકાવ ૩૫ દિવસે, બીજો ૪૫ દિવસે અને ત્રીજો ૫૫ દિવસે કરવો.
2. કપાસ ૪૫ દિવસનો થાય ત્યારે દર ૧૫ દિવસે છંટકાવ કરવો.
3. શાકભાજી માં દર ૧૫ દિવસે છંટકાવ કરવો.
4. આંબા, દાડમ, જામફળ, ચીકુ કે કોઈપણ ફૂલ-ઝાડમાં ફાલ બેસે ત્યારે દર ૧૫ દિવસે ત્રણ-ચાર વાર છંટકાવ કરવો.
5. **પાયાના ખાતર તરીકે જીવામૃત બનાવો.**
   • ૨૦૦ લિટરના બેરલમાં ૨૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળ, ૨ લિટર તાજી છાશ અને ૧ કિલો શેઢાપણાની માટી આ બધું મીક્સ કરી ૩ થી ૪ દિવસ રાખી દિવસમાં બે ટાઈમ હલાવવું.
   • **ઘનજીવામૃત :** ૧૦૦ કિલો ગોબર, ૫-૧૦ લીટર ગૌમૂત્ર, ૨ કિલો ગોળની રબડી, ૨ લિટર તાજી છાશ, ૧ કિલો શેઢાપણાની માટી આ બધુ મિક્સ કરી છાયામાં સૂકવી દેવું, ત્યાર પછી સુકાય જાય એટલે વીઘે ૨ થી ૩ થેલી ચાસમાં નાખી દેવું.
6. ગાય આધારિત ખેતી ન કરવી હોય તો વીઘે ૧ થેલી એરંડીનો ખોળ, ૧ થેલી લીંબોળીનો ખોળ, ૧ કિલો ચૂનો ચાસમાં નાખી દેવો, પછી વાવેતર કરી નાખવું. (આ માપ વીઘાનું છે)
7. લીંબોળીનો ખોળ, લીંબોળી કશ, એરંડીનો ખોળ, મરઘાની ચરક, મચ્છીનો ખોળ, કરંજનો ખોળ, મહુડાનો ખોળ, તમ્બાકુનો દર, કાજુના છીલકા. એક વીઘા જમીનમાં ચાસમાં નાખવું.
8. **મચ્છીનો ખોળ**
   ઉપરોક્ત ખોળ મેળવા માટે
   **શ્રીજી અમૃત । ધરતી અમૃત** ગામ : બાંદ્રા, તાલુકો : ગોંડલ, જિલ્લો : રાજકોટ
   **ભાવેશભાઈ જસાણી : ૯૭૭૯૪ ૮૮૫૧૫ • જગદીશભાઈ જસાણી : ૯૮૨૫૭ ૬૦૦૯૪**
9. **રોગ જીવાત માટે**
   • ૧ કિલો ગાંગડા હિંગ લેવી, ૫ લીટર પાણી માં પલાળવી ૨૪ કલાક રાખવાથી તેમાંથી ૧૦૦ મિલી લેવી તેની સાથે ૨૫૦ મિલી દૂધ, ૧૦૦ ગ્રામ ગોળ ૧૫ લીટર ના પંપમાં છાટી દેવી. જો ઈયળનો ઉપદ્રવ હોય તો ૫૦ થી ૬૦ મિલી નીમ તેલ (લીંબોળીનું તેલ) ૧૦,૦૦૦ PPM નો છંટકાવ કરવો.



VELJIBHAI BHUDIA

સંશોધન કરનાર **વેલજીભાઈ ભૂડીઆ**
માધાપર, કચ્છ-ભુજ, ગુજરાત • મો.: ૯૪૨૬૯ ૭૧૧૧૨

ઉપયોગ કરીને પ્રમાણિત કરનાર **ગૌ ભક્ત - ભરતભાઈ પરસાણા**
રાજકોટ, ગુજરાત • મો.: ૯૭૨૬૩ ૯૯૬૯૯



BHARAT PARSANA










C M Y K

# દુનિયાભરમાં બે દિવસ અવકાશમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો અદ્‌ભૂત નજારો જોવા મળશે

## શનિવારે મધ્યરાત્રિ બાદ ઈટા–એક્વેરીડ્સ ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો : તા. ૫ થી ૬ મે સુધી આકાશમાં મહત્તમ ઉલ્કાવર્ષા પડતી નજરે પડશે : વહેલી પરોઢે નિહાળવાનો શ્રેષ્ઠ સમય : કલાકની ૧૫ થી ૫૦ ઉલ્કાઓ સ્પષ્ટ પડતી જોવા મળશે



(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ તા.ર

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં કવોડરેન્ટીડસ, એપ્રિલમાં લાયરીડ્સ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. વિશ્વમાં શનિવાર મધ્યરાત્રિ બાદ બે દિવસ સુધી ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે. તા. ૫ અને ૬ મી મેના રોજ મહત્તમ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષાનો અદ્દભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે શનિવારે મધ્યરાત્રિ બાદ સોમવાર પરોઢ સુધી આકાશમાં ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૫ અને ૬ મેના રોજ આકાશમાં રીતસર ઉલ્કાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૫૦ અને વધુમાં વધુ એકસો ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. કુદરતી નજારો હોય દિશા-સમયમાં થોડા ફેરફારની પુરતી શકયતા છે. વધુમાં પંડયા જણાવે છે કે ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષા મહત્તમ બે દિવસ રવિવારથી સોમવાર સવાર સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નર્જનિ જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે. અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી ઉપર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહતમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

જાથાના પંડયા વધુમાં જણાવે છે કે ઉલ્કાવર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નર્જનિ જગ્યાને પસંદ કરી બે-ત્રણ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોનો સહયોગ મેળવી ડીઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. જાથાના જયંત પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસ-સૂર્યપ્રકાશ દરમ્યાન પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી.

અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરીક્ષણ જરૂરી છે. ઈટા-એકવેરીડ્સ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કાવર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે. જાથાનો પ્રયાસ લોકોને અવકાશ તરફ નજર કરતાં થાય, તેમાં રસ લઈ, બાળકો સાથે ખગોળીય માહિતી મેળવતા થાય, નજારો નિહાળવા માટે રાજયભરમાં જાગૃતોએ આયોજન ગોઠવ્યું છે તેમાં રાજકોટ, અમરેલી, ભાવનગર, જૂનાગઢ, પોરબંદર, જામનગર, સુરેન્દ્રનગર, કચ્છ, અમદાવાદ, આણંદ, નડીયાદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, પાલનપુર, ધાનેરા, ડીસા, હિંમતનગર, મોરબી, પાવગઢ, ગોધરા, વિગેરે નાના-મોટા નગરોમાં જાથાના સદસ્યો માટે એક દિવસીય મધ્યરાત્રિ-પરોઢે વ્યવસ્થા કરી છે. ઈટા-એકવેરીડ્સ ઉલ્કાવર્ષાનો નજારો નિહાળવાની તૈયારીમાં જાથાના અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નર્ભયિ જોશી, રાજુ યાદવ, પાર્થ ગોહેલ, વિનોદ વામજા, નાથાભાઈ પીપળીયા, પ્રમોદ પંડયા, ભોજાભાઈ ટોયટા, જીજ્ઞેશ અમીપરા વિગેરે અનેક સદસ્યો જોડાયા છે. રાજયમાં ઉલ્કાવર્ષા સંબંધી વિશેષ માહિતી મોબાઈલ ૯૮૨૫૨ ૧૬૬૮૯ તથા ૯૪૨૬૯ ૮૦૯૫૫ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

# સમસ્ત બ્રહ્મ સમાજ માણાવદર તાલુકા દ્વારા શ્રી પરશુરામજીના પ્રાગટ્ય દીને તાલુકાની પ્રથમ બ્રહ્મ ચોર્યાશી અને વિરાટ શોભા યાત્રાનું આયોજન



(પ્રતિનિધી દ્વારા)

માણાવદર તા.ર


સમસ્ત બ્રહ્મ સમાજ માણાવદર તાલુકા દ્વારા આખા ત્રીજના પાવન દીને ભગવાન પરશુરામજી માં પ્રાગટ્ય મહોત્સવ નિમિતે ૧૦/૦૫/૨૦૨૪ ને શુક્રવાર બપોરે ૩/૩૦ કલાકે શ્રી ચેતનન્ય હનુમાન અને શ્રી ગાયત્રી મંદિરની મધ્યમાં આવેલી પાવર હાઉસ પાસે માણાવદર ખાતે બ્રહ્મ સમાજ ની વાડી માં ભૂદેવો ની ઉપસ્થિતિ માં શ્રી પરશુરામ જી નું પૂજન અર્ચન કરી શોભાયાત્રા નો પ્રારંભ થશે. શ્રી ગાયત્રી મંદિર, સિનેમા ચોક, બહાર પરા, જેઈલ રોડ, ગાંધી ચોક, રાજ વેદ મણીભાઈ માર્ગ, પટેલ ચોક, મહાદેવી યા રોડ, ડો. એલ .કે.પંચોલી માર્ગ,અનુપમ મિશન થઈ પોસ્ટ ઓફિસ પાસેથી પસાર થઈ બ્રહ્મ સમાજ પાસે ના વિશાળ મેદાન માં બ્રહ્મ સભા ના રૂપ માં ફેરવાય જશે. આ પ્રસંગે માંણાવદર તાલુકાના માં કાર્ય રત બ્રહ્મ ડોકટરો,વિવિધ વિષયો માં પી.એ. ડી. ની ડીગ્રી મેળવેલ પ્રોફેસર, શિક્ષક નું જાહેર સન્માન કરવામાં આવશે.બ્રહ્મ સમાજ ના ટ્રસ્ટી ઓ અને મહાનુભાવો ના વરદ હસ્તે બહુમાન થશે. આ મંગલ અવસરે માણાવદર ના પનોતા પુત્ર આ મંગલ અવસરે માણાવદરના પનોતા પુત્ર પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા, પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદી, શિક્ષણ શાસ્ત્રી ગીજુ ભાઈ ભરા ડે અનિવાર્ય સંજોગો હોવાથી હાજર રહી શકે તેમ નથી બ્રહ્મ વંદના અને શુભ કામના પાઠવી છે. જય પરશુરામ અને હર હર મહાદેવના નારા સાથે માણાવદર તાલુકા ની પ્રથમ બ્રહ્મ ચોર્યાશી નો પ્રારંભ થશે.તાલુકા ભર માંથી ૭૦૦ બ્રહ્મ કુટુંબો પધારશે.શોભ યાત્રા દરમ્યાન માણાવદર નગર માં વિવધ સ્થળે સ્વાગત થશે.વિવિધ સેવાભાવી સંસ્થાઓ જલપાન અને ઠંડા પીણા થી ભૂદેવો નો સત્કાર કરશે.

શ્રી ઓ દિવ્ય બ્રહ્મ સમાજ વાડી ના પ્રમુખ ડો. પંકજભાઈ જોશી, શ્રી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખની આગેવાની હેઠળ ૫૦ યુવા બ્રહ્મ બંધુ અને બહેનો ભારે જહેમત લઈ માણાવદર તાલુકા ની પ્રથમ બ્રહ્મ ચોર્યાસી અને વિરાટ શોભા યાત્રા ને સફળ બનાવવા માટે કામ કરી રહ્યા છે.

## સરયૂ ઘાટ પર મહાઆરતીમાં પણ ભાગ લીધો

# રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ રામલલાના દર્શન કર્યા

## રાષ્ટ્રપતિએ કુબેર ટીલા ખાતે પૂજન પણ કર્યું હતું અને દિવ્ય પક્ષી જટાયુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી





નવી દિલ્હી, તા.૨

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ બુધવારે અયોધ્યામાં રામ મંદિર પહોંચ્યા હતા અને રામ લાલાના દર્શન કર્યા હતા. આ દરમિયાન તેમણે મંદિરમાં રામ લાલાની આરતી પણ કરી હતી. વાસ્તવમાં રામ મંદિરના નિર્માણ બાદ રાષ્ટ્રપતિની આ પહેલી અયોધ્યા મુલાકાત છે. રામ મંદિર આવતા પહેલા રાષ્ટ્રપતિએ અયોધ્યામાં શ્રી હનુમાન ગઢી મંદિરની મુલાકાત લીધી હતી અને દર્શન અને આરતી કરી હતી.રામ મંદિરના દર્શન કરતા પહેલા રાષ્ટ્રપતિએ સરયૂ નદીના ઘાટ પર મહા આરતીમાં પણ ભાગ લીધો હતો. રાષ્ટ્રપતિએ કુબેર ટીલા ખાતે પૂજન પણ કર્યું હતું અને દિવ્ય પક્ષી જટાયુની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અયોધ્યા પહોંચતા યુપીના રાજયપાલ આનંદીબેન પટેલે મહર્ષિ વાલ્મિકી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર રાષ્ટ્રપતિનું સ્વાગત કર્યું હતું.દર્શન બાદ રાષ્ટ્રપતિએ એક ટ્વિટમાં કહ્યું કે તેમને ભગવાન શ્રી રામના દિવ્ય બાળ સ્વરૂપના દર્શન કરવાનો લહાવો મળ્યો છે. રામ મંદિર એ ભારતીય સમાજ અને સંસ્કૃતિના આદર્શોનું જીવંત પ્રતીક છે. રામ મંદિર લોકોને બધાના કલ્યાણ માટે કામ કરવાની પ્રેરણા આપતું રહેશે. તેમણે ભગવાન શ્રી રામના આશીર્વાદ લીધા અને તમામ નાગરિકોની સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુની મુલાકાત બાદ શ્રી રામ જન્મભૂમિ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા કહ્યું, “તે ખૂબ જ આનંદની વાત હતી. રાષ્ટ્રપતિએ રામ લાલાના દર્શન કર્યા હતા. તેમણે આરતી કરી હતી. મને લાગે છે કે આ ખૂબ જ આનંદદાયક છે. ભગવાન રામને શ્રદ્ધાંજલિ છે.” તમામ ભક્તો માટે એક પાઠ કે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ ભગવાન રામને કેટલા સમર્પિત છે.”બુધવારે ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ રામ મંદિર પહોંચ્યા હતા અને રામ લાલાના દર્શન કર્યા હતા. વાસ્તવમાં, ધામીની હાજરીમાં ભાજપના ઉમેદવાર લલ્લુ સિંહે બુધવારે સંસદીય ક્ષેત્ર અયોધ્યા (ઉત્તર પ્રદેશ)થી ઉમેદવારી પત્ર ભર્યું હતું. આ પછી ઉત્તરાખંડના સીએમ રામ મંદિરના દર્શન કરવા પહોંચ્યા હતા.

## સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બીઆર ગવઈએ કહ્યું

# ન્યાયાધીશોને સપ્તાહાંતની રજા પણ નથી હોતી, વેકેશન ભૂલી જાઓ




## જસ્ટિસ ગવઈએ કહ્યું, ‘જે લોકો ટીકા કરે છે તેઓ નથી જાણતા કે અમને શનિવાર અને રવિવારે પણ રજા નથી હોતી

નવી દિલ્હી, તા.૨

સુપ્રીમ કોર્ટના ત્રીજા સૌથી વરિષ્ઠ ન્યાયાધીશ જસ્ટિસ બીઆર ગવઈએ બુધવારે વકીલોને કોર્ટની ઉનાળાની રજાઓ પહેલા કેસમાં દલીલો પૂર્ણ કરવા વિનંતી કરી જેથી તેઓ તે સમય દરમિયાન તેમનો ચુકાદો લખી શકે. તેમણે કહ્યું કે ‘ન્યાયાધીશોને સપ્તાહાંતની રજા પણ નથી હોતી, વેકેશન ભૂલી જાઓ.’સુપ્રીમ કોર્ટમાં ૧૮મી મેથી ૭મી જુલાઈ સુધી ઉનાળાની રજાઓ રહેશે. પશ્ચિમ બંગાળમાં સીબીઆઈ સામાન્ય સંમતિ વિના રાજ્યમાં કેસોની તપાસ કરી રહી હોવાનો આરોપ લગાવતા કેસની સુનાવણી આવતીકાલે મુલતવી રાખતા જસ્ટિસ ગવઈએ સોલિસિટર જનરલ તુષાર મહેતાને કહ્યું કે જો તમે ત્રણ દિવસમાં દલીલો પૂરી કરો, તો અમે તેને લખી શકીએ છીએ. ઉનાળાની રજાઓ દરમિયાન ચુકાદો. મહેતાએ કહ્યું કે, ‘હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટની લાંબી રજાઓની ટીકા કરનારાઓને ખબર નથી કે જજો કેટલું કામ કરે છે.’ તેમના જવાબમાં જસ્ટિસ ગવઈએ કહ્યું, ‘જે લોકો ટીકા કરે છે તેમને ખબર નથી કે અમને શનિવાર અને રવિવારની રજાઓ પણ નથી હોતી. ફંકશન અને કોન્ફરન્સ માટે પણ આપણે તૈયારી કરવી પડે છે. આઈપેડનો આભાર, અમારે દરેક જગ્યાએ ફાઈલો લઈ જવાની જરૂર નથી અને અમે ફ્લાઈટમાં પણ વાંચી શકીએ છીએ.પશ્ચિમ બંગાળ સરકાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલ કપિલ સિબ્બલે કહ્યું, ‘દેશમાં આ સૌથી મુશ્કેલ કામ છે.’ તુષાર મહેતાએ કહ્યું કે માત્ર એવા લોકો જ ટીકા કરે છે જે સાવ અજાણ હોય. જસ્ટિસ ગવઈએ કહ્યું, ‘ભગવાનનો આભાર હવે હું વરિષ્ઠ ન્યાયાધીશ છું અને મારે રજાઓમાં બેસવું પડતું નથી.’

## ગુરૂચરણના પિતા ચિંતિત છે

# ગુરૂચરણ સિંહના ગુમ થવાના સમાચાર સાંભળીને પ્રોડ્યુસર ચોંકી



## અસિત મોદીએ કહ્યું, ‘આ ખૂબ જ દર્દનાક અને આઘાતજનક સમાચાર છે, તે પોતાના પરિવારને ખૂબ પ્રેમ કરતો હતો

મુંબઈ, તા.૨

અહેવાલ મુજબ ગુરૂચરણ સિંહના ગુમ થવાના સમાચાર અસિત મોદી સુધી પહોંચી ગયા છે. આ સમાચાર સાંભળીને તેને આઘાત લાગ્યો છે. અસિત એ દિવસોને યાદ કર્યા જ્યારે ગુરૂચરણ તેના શોમાં રોશન સિંહ સોઢીનું પાત્ર ભજવતા હતા. તેણે એમ પણ કહ્યું કે ગુરૂચરણ સાથે તેનો સંબંધ સારો હતો. અસિત મોદીએ કહ્યું, ‘આ ખૂબ જ દર્દનાક અને આઘાતજનક સમાચાર છે. તે પોતાના પરિવારને ખૂબ પ્રેમ કરતો હતો. તેણે તેના માતા-પિતાની સંપૂર્ણ જવાબદારી પોતાના માથે લીધી હતી. અમારે કોઈ અંગત બંધન નહોતું, પણ જ્યાં સુધી હું જાણું છું ત્યાં સુધી તે ખૂબ જ ધાર્મિક વ્યક્તિ હતા. તેણે કોવિડ દરમ્યાન તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શો છોડી દીધો હતો, પરંતુ તે પછી પણ અમારી વચ્ચે સારા સંબંધો હતા. આસિતે ગુરૂચરણ સિંહ ઠીક થઈ જશે તેવી આશા પણ વ્યક્ત કરી હતી. તેણે કહ્યું, ગુરૂચરણ હંમેશા મને હસતા હસતા મળતા હતા. તેનું ગાયબ થવું આશ્ચર્યજનક છે. મને ખબર નથી કે આ કેવી રીતે થયું. હાલમાં આ મામલાની તપાસ ચાલી રહી છે તેથી મને આશા છે કે કોઈ સારા સમાચાર ચોક્કસ મળશે. હું ભગવાનને પ્રાર્થના કરું છું કે તે સુરક્ષિત રહે અને જલ્દીથી તેના ફોન કોલ્સનો જવાબ આપવાનું શરૂ કરે.

અગાઉ, શો ‘તારક મહેતા...’માં રોશન સિંહ સોઢીના પુત્ર ગોગીની ભૂમિકા ભજવનાર અભિનેતા સમય શાહે ગુરૂચરણ વિશે વાત કરી હતી. તેણે જણાવ્યું કે તેણે ૪-૫ મહિના પહેલા ગુરૂચરણ સિંહ સાથે ફોન પર વાત કરી હતી. આ વાતચીત એક કલાક સુધી ચાલી અને આ દરમ્યાન ગુરૂચરણ સમયને તેના સપના પૂરા કરવા માટે પ્રેરિત કરતા રહ્યા. સમય શાહે કહ્યું કે તે ગુરૂચરણને યાદ કરે છે.

## મૃતક મહિલાએ પોતાની તમામ પ્રોપટી ટ્રસ્ટને સોંપી દીધી હતી

# કેન્સરગ્રસ્ત મહિલાના મોત બાદ શખ્સે બેંકમાંથી રૂા. ૨૧.૧૬ લાખ ઉપાડી લીધા

## વૃદ્ધ રક્ષાબેને પોતાની મિલ્કતનું વસિયતનામું બનાવ્યું હતું જેમાં સાક્ષી પાર્થને રાખ્યો હતો

અમદાવાદ, તા.૨

સિંગરવામાં ખુશરાજી સિનિયર સિટીઝન કેર એન્ડ રિસર્ચ સેન્ટરમાં સ્વયંસેવક તરીકે કામ કરતા યુવકે કેન્સરગ્રસ્ત મહિલાના મોત બાદ તેમના ખાતામાથી રૂ.૨૧.૧૬ લાખ પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરીને ઠગાઈ આચરી લીધી હોવાનું ટ્રસ્ટના મેનેજરને ધ્યાને આવતા પાર્થ નામના યુવક વિરુદ્ધ ઓઢવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. સિંગરવામાં રહેતા ઈશિતાબેન કોન્ટ્રાક્ટર વર્લ્ડ રિન્યૂઅલ સ્પિરિચ્યૂઅલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત ખુશરાજી સિનિયર સિટીઝન કેર એન્ડ રિચર્સ સેન્ટરમાં મેનેજર તરીકે નોકરી કરે છે. આ ટ્રસ્ટમાં હરિયાણાના અંબાલાનો પાર્થ ક્રિષ્ન ગ્રોવર સ્વંયસેવક તરીકે એક વર્ષ અગાઉ જોડાયો હતો. તેને પગાર ચૂકવવામાં આવતો હતો. સંસ્થામાં આશ્રિત તરીકે રક્ષાબેન ગાંધી રહેતા હતા. તેમને કેન્સરની બીમારી થતા હોસ્પિટલમાં દાખલ કર્યા હતા. આ સમયે પાર્થ તેમની દેખરેખ રાખતો હતો.

પાર્થ આશ્રિત મહિલાના બેંકના કામકાજ પણ કરી આપતો હતો. વૃદ્ધ રક્ષાબેને પોતાની મિલ્કતનું વસિયતનામું બનાવ્યું હતું જેમાં સાક્ષી પાર્થને રાખ્યો હતો. રક્ષાબેને તેમની તમામ મિલ્કત ટ્રસ્ટના નામે કરી હતી. સારવાર દરમિયાન રક્ષાબેનનુ મોત નિપજ્યુ હતુ. બાદમાં પાર્થ ગામડે જતો રહ્યો હતો. થોડાંક મહિના બાદ ટ્રસ્ટમાં પાછો આવ્યો ત્યારે પોતાના માતા-પિતાને પણ સાથે લઈને આવ્યો અને રક્ષાબેનના મોત બાદ તેના વર્તનમાં ઘણો ફેરફાર જોવા મળી રહ્યો હતો.

જેથી મેનેજર ઈશીતાબેનને શંકા જતા પાર્થ સાથે વાતચીત કરવા નજીક ગયા તેટલામાં પાર્થ ટ્રસ્ટની દીવાલ કૂદીને નાસી ગયો હતો. મહિલા મેનેજરે રક્ષાબેનના રૂમમાં જઈને તપાસ કરતા પાસબુક મળી આવી હતી. તેમાં તેમના મૃત્યુ બાદ પાર્થે ૨૧.૧૬ લાખ રૂપિયા એકાઉન્ટમાથી ઉપાડી લીધા હોવાનું સામે આવ્યુ હતુ. આ અંગે ઈશિતાબેને પાર્થ સામે ઓઢવ પોલીસ સ્ટેશનમાં ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

### અવસાન નોંધ

જૂનાગઢ : જૂનાગઢ નિવાસી જશવંતીબેન સુબા(ઉ.વ.૬૯) તે પ્રવીણભાઈના પત્ની, સંજયભાઈ, વર્ષાબેન મહેતાના માતૃશ્રી, નિકુંજકુમાર કનુભાઈ મહેતા, આરતી સુબાના સાસુ, જૂનાગઢ નિવાસી મણીલાલ પોપટલાલ ખીમાણીના પુત્રી, ધર્મેશભાઈ, જયેશભાઈ, પરેશભાઈના બહેનનું તા.૩૦ના અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા તા.ર ને ગુરૂવારે સાંજે ૫થી ૬ જાગનાથ મંદિર, જલારામ સોસાયટી ખાતે રાખેલ છે.

# ગટરમાં જીવ ગુમાવનારા પિતા-પુત્રના પરિવારને ૩૦-૩૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત

લખનઉ, તા.૨

લખનઉના વજીરગંજમાં બુધવારે ગટર સાફ કરતી વખતે પિતા-પુત્રનું મોત થયું હતું. આ મામલે સમાજ કલ્યાણ મંત્રી અસીમ અરુણ પરિવારના સભ્યોને મળ્યા અને ઘટનાસ્થળની મુલાકાત પણ લીધી. વજીરગંજ પોલીસ સ્ટેશનમાં કેકે સ્પાન કંપની વિરુદ્ધ ફરિયાદ નોંધવામાં આવી છે.બંને પિતા-પુત્રના મૃત્યુ પર મૃતકોના પરિવારને ૩૦-૩૦ લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરવામાં આવી છે. કેકે સ્પાન વળતરની રકમ ચૂકવશે. આવી ઘટના ફરીથી ન બને તે માટે તમામ શહેરી સંસ્થાઓને સુરક્ષાના પગલાં પત્ર અને ભાવનાથી અમલમાં મૂકવા સૂચના આપવામાં આવી છે.


## નામ બદલાવેલ છે

આથી હું નીચે સહી કરનાર જણાવું છું કે, મારૂ જુનું નામ **મહેશ વેલજીભાઈ રીબડીયા** હતું. જે બદલીને હવેથી મેં મારૂ નવું નામ **મહેશભાઈ વેલાજીભાઈ રીબડીયા** રાખેલ છે. જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

: સરનામું :

**મહેશભાઈ વેલાજીભાઈ રીબડીયા**

૧૪૩ ભગવતી પાર્ક, ચોબારી રોડ,

જૂનાગઢ - ૩૬૨૦૦૧


CMYK CMYK CMYK

જાણો, પારદર્શકચૂંટણી પ્રક્રિયાના પર્યાય ઈવીએમ કમિશનિંગ વિશે

# ચૂંટણી પ્રક્રિયામાં ઉપયોગ થનાર પ્રત્યેક EVM - VVPAT મતદાન માટે સુસજજ કરાયા

## રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં પ્રત્યેક EVM માં મોકપોલ કરાઈ છે : ૫ ટકા EVM - VVPAT માં ૧૦૦૦ મતો નાખી ખાતરી કરાઈ

જૂનાગઢ તા.૧

જૂનાગઢ લોકસભા મતવિસ્તાર હેઠળની ૭ વિધાનસભા બેઠક ઉપરાંત માણાવદર પેટા ચૂંટણી માટે ઈવીએમ કમિશનિંગની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવે છે. પારદર્શક ચૂંટણી પ્રક્રિયાનો મહત્વપૂર્ણ ભાગ એવા ઈવીએમ કમિશનિંગની કામગીરી ચૂંટણી પંચના ઓથોરાઈઝડ ઈજનેર દ્વારા કરવામાં આવે છે.

ઈવીએમ કમિશનિંગ ને સરળ ભાષામાં જાણીએ તો, મતદાન કરવા માટે EVM - VVPAT ને સુસજ્જ કરવા. એટલે કે મતદાનના ગણતરીના દિવસો પૂર્વે ઈવીએમમાં કોઈ ટેકનીકલ ક્ષતિઓ છે નહીં તે તપાસવી. જો આવી કોઈ ક્ષતિઓ સામે આવે તો દૂર કરવી. અથવા તે ઈવીએમનો ચૂંટણી પ્રક્રિયાથી દૂર કરવું. ઉપરાંત ઈવીએમ મશીનમાં બેલેટ પેપર સેટ કરવામાં આવે છે.

રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની હાજરીમાં રેંડેમાઈઝેશન થયા બાદ વિધાનસભા મતવિસ્તાર વાર ઈવીએમની ફાળવણી કરવામાં આવે છે. ત્યારબાદ આ દરેક વિધાનસભા મતવિસ્તારના સ્ટ્રોંગ રૂમમાં આ ઈવીએમ રાખવામાં આવે છે અને ત્યાં જ આ ઈવીએમ કમિશનિંગની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ સમગ્ર કામગીરી મદદનીશ ચૂંટણી અધિકારીની દેખરેખ અને વિડીયોગ્રાફી હેઠળ કરવામાં આવે છે. જેથી ચૂંટણી પ્રક્રિયાની પારદર્શકતા જળવાઈ રહે.

EVM - VVPAT મતદાન માટે સુસજ્જ કરાયા બાદ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની ઉપસ્થિતિમાં દરેક એવીએમમાં મોકપોલ યોજવામાં આવે છે. એટલે કે, પ્રત્યેક ઈફર - ફફઁછ્ માં વોટ નાખી ચેક કરવામાં આવે છે કે, જે કેન્ડીડેટને વોટ આપ્યો છે તેને જ વોટ મળ્યો છે. ઉપરાંત કુલ ઈવીએમના ૫ ટકા ઈવીએમમાં ૧૦૦૦ મતો નાખવામાં આવે છે. આમ, જે ઉમેદવારોને મત અપાયા છે તેમને જ મત મળે છે. તેની ખાતરી કરાય છે. ઉલ્લેખનીય છે કે, ચૂંટણી માટે જરૂરિયાતની સામે ૨૫ ટકા વધુ ૧૨૫ ટકા ઈવીએમ અને તેવી જ રીતે ૧૩૫ ટકા VVPAT તૈયાર રાખવામાં આવે છે. જેથી કોઈ ટેકનીકલ ક્ષતિઓ સામે આવે તો આ રિઝર્વમાં રહેલા EVM - VVPAT નો ઉપયોગ કરી શકાય. ઈવીએમ કમિશનિંગની કામગીરી માટે દરેક વિધાનસભા મતવિસ્તાર માટે ૨ ઈજનેર ફાળવવામાં આવ્યા હતા. એટલે કે, જૂનાગઢ લોકસભા મતવિસ્તારની ૭ વિધાનસભા બેઠકો અને માણાવદર પેટા ચૂંટણી માટે ૨ આમ, કુલ ૧૬ ઈજનેર અને એક ટીમ લીડર દ્વારા આ ઈવીએમ કમિશનિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે.


- ખાસ અહેવાલ રોહિત ઉસદડ



## જૂનાગઢ શહેરના વિવિધ સ્થળોએ સેલ્ફી કેમ્પેઈન યોજાયું

જૂનાગઢ, તા.૨

જૂનાગઢ જિલ્લામાં આગામી તા.૭ મે ના રોજ મતદાન યોજાનાર છે. ત્યારે જૂનાગઢ જિલ્લામાં મતદાન જાગૃતિ ઝુંબેશ વધુને વધુ વેગવાન બની છે. જૂનાગઢ શહેરના નેહરૂ પાર્ક સોસાયટી, સરદારબાગ જેવા જાહેર સ્થળોએ સોશ્યલ મીડિયા ઈન્ફલેયેન્સર, અન્ય લોકોએ તેમના પરિવાર સાથે લોકો વચ્ચે સેલ્ફી કેમ્પેન યોજી સોશ્યલ મીડિયાના વિવિધ પ્લેટફોર્મ પર ફોટો અપલોડ કર્યા હતા. અને મતદાન માટે નાગરિકોને અપીલ કરી હતી.





# જૂનાગઢ જીલ્લાની બહેનોએ કલાત્મક મહેંદી મૂકી તા.૭મી મેએ અચૂક મતદાનની કરી અપીલ

## કડિયાવાડ માર્કેટ, ડો.સુભાષ એન્જિનિયરિંગ કોલેજ, શાળાઓમાં મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશો અપાયો

જૂનાગઢ, તા.૨

જેમ લગ્ન પ્રસંગે મહેંદીની રસમ કરવામાં આવે છે. તેમ લોકશાહીનો અવસરે મતદાન જાગૃતિ અર્થે બહેનોએ હાથે મહેંદી મૂકી છે. બહેનોએ પોતાના આંગણે શુભ પ્રસંગ હોય તેમ ઉત્સાહભેર મતદાન જાગૃતિ માટે પોતાના હાથે કલાત્મક મહેંદી મૂકી લોકશાહીના આ મહાપર્વને વધુ રૂડું બનાવ્યું છે.

જિલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં ચૂંટણી તંત્રએ મતદાન જાગૃતિ માટે વધુ એક આગવું અભિયાન શરૂ કર્યું છે. જેમાં લોકસભાની સામાન્ય ચૂંટણીમાં દરેક મતદાતા તેના મતાધિકારનો ઉપયોગ કરે, ખાસ કરીને મહિલાઓમાં પણ પોતાના મૂલ્ય મત આપવા માટે જાગૃત બને એ હેતું સાથે જૂનાગઢ જિલ્લામાં વિવિધ સ્થળોએ દ્વારા મહેંદી સ્પર્ધાના માધ્યમથી મતદાન જાગૃતિનો અનોખી રીતે સંદેશો આપ્યો હતો. જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્ર દ્વારા અને મહાનગરપાલિકાના સંયુક્ત પ્રયાસોથી શહેર અને ગ્રામ્ય કક્ષાએ વિવિધ સ્થળોએ બહેનોએ મહેંદી મુકી મતદાનની અપીલ કરી હતી.જૂનાગઢ શહેરના કડીયાવાડ માર્કેટ, મોટી શાકમાર્કેટ, વાંઝાવાડ માર્કેટ, ડો.સુભાષ એન્જીનીયરીંગ કોલેજ, શાપુર ગામે સખી મંડળ, તેમજ મહિલા મંડળ, આંગણવાડીઓમાં, પે સેન્ટર શાળાઓમાં મતદાન જાગૃતિની થીમ સાથે મહેંદી મૂકવામાં આવી હતી. જેમાં વોટ ફોર શ્યોર, તારીખ ૭ મે મતદાન દિવસ, મતદાન મેરા અધિકાર, મતદાન ઉત્તમ મહાદાન ની થીમ સાથે જરૂરથી મતદાન કરવા અને અન્યને પ્રોત્સાહન આપવા સંદેશો આપ્યો હતો. સાથે જ તા.૭ મે ના રોજ અચૂક મતદાન કરવાના શપથ પણ લીધા હતા. સ્વીપ નોડલ ઓફિસર લતાબેન ઉપાધ્યાય, જૂનાગઢ જિલ્લા યુવા વિકાસ અધિકારી નીતાબેન વાળા, જૂનાગઢ મહાનગરપાલિકા પ્રોગ્રામ ઓફિસર વત્સલાબેન દવેના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો. આ ઉપરાંત આ મહેંદી સ્પર્ધામાં વિવિધ વિભાગના મહિલા અધિકારીઓ, કર્મચારીઓ, બહેનો, વિદ્યાર્થીનીઓ બહોળી સંખ્યામાં ઉત્સાહભેર ભાગ લઈ લોકશાહીના મહાપર્વની ઉજવણીમાં સહભાગી બની હતી.






## સાળંગપુર ધામ ખાતે પૂનમ નિમિત્તે દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન કરાયું

સાળંગપુર, તા.૨

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત સુપ્રસિદ્ધ યાત્રાધામ સાળંગપુરધામ શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર ખાતે પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)ની પ્રેરણાથી તેમજ કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામીના માર્ગદર્શનથી પૂનમ નિમિત્તે મંદિરમાં સાંજે ૦૫:૩૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવનું દિવ્ય ષોડશોપચાર પૂજનનું આયોજન કરવામાં આવ્યુ હતું. ફૂલોનો શણગાર સાથોસાથ ફળ,પુષ્પ, ડ્રાયફ્રુટ વિગેરે ધરવવામાં આવ્યા હતા, પુષ્પવર્ષા કરવામાં આવેલ, સાંજે ૭:૦ કલાકે શ્રી કષ્ટભંજનદેવની સંધ્યા આરતી પ.પૂ.શાસ્ત્રી સ્વામી હરિપ્રકાશદાસજી (અથાણાવાળા)દ્વારા કરવામાં આવી હતી,હજારો ભકતોએ પ્રત્યક્ષ તેમજ ઓનલાઈન આ અનેરા દર્શનનો લાભ લઈ ધન્યતાનો અનુભવ કર્યો હતો.



## AAA Rating મેળવનાર અદાણી પોર્ટસ-સેઝ (APSEZ) AAA રેટીંગખાનગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસકાર કંપની

અમદાવાદ, તા.૨

અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન (APSEZ)એ ઝછઈઈ રેટિંગ્સ દ્વારા તેનું ક્રેડિટ રેટીંગ સુધરીને છછછ થયાની ગૌરવભેર જાહેરાત કરી છે. સૌથી ટોચનું આ રેટિંગ ઉચ્ચતમ સ્તરની ક્રેડિટ યોગ્યતા અને તેના તમામ નાણાકીય માર્ગદર્શનને પરિપૂર્ણ કરવાની ક્ષમતા દર્શાવે છે. આ પ્રગતિ સાથે APSEZ આ માન્યતા મેળવનાર મોટા કદની પ્રથમ ખાનગી ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસકાર બની છે. છઁજીઈઢના મજબૂત સંકલિત બિઝનેસ મોડલ, પ્રબળ ઉદ્યોગની સ્થિતિ, તંદુરસ્ત નફાકારકતા સાથે કામગીરીમાં મજબૂત વૃદ્ધિ, ઉચ્ચ પ્રવાહિતા અને નીચા લિવરેજ જેવા આદર્શ પરિબળો આ રેટિંગ હાંસલ કરવાના ચાલક બળ બની રહ્યા છે.

પોર્ટના દરવાજેથી ગ્રાહકના ઉંબરા સુધી સેવાઓ પૂરી પાડતી અને એક ટ્રાન્સપોર્ટ યુટિલિટી તરીકે સંપાદન બાદ અસ્કયામતોને સફળતાપૂર્વક નફાકારકતામાં તબદીલ કરવાનો APSEZનો સફળ ટ્રેક રેકોર્ડ અને તેના સંકલિત અભિગમને કારણે નાણા વર્ષ ૧૯-થી નાણા વર્ષ ૨૪ દરમિયાન વોલ્યુમમાં ૧૫%ની વાર્ષિક ચક્રવૃદ્ધિ વૃદ્ધિ થઈ છે, જે તમામ ભારતીય બંદરો માટે ૪% ઝછર્ઘ્ઈની તુલનાત્મક છે. વિત્ત વર્ષ-૨૪માં, છઁજીઈઢએ ૪૧૯.૯૫ મિલીયન મેટ્રીક ટન કાર્ગો વોલ્યુમ કર્યું હતું, જે ગત વર્ષ કરતાં ૨૪% વધુ રહ્યું છે. APSEZના મેનેજિંગ ડિરેકટર કરણ અદાણીએ જણાવ્યું હતું કે અમારી નાણાકીય શિસ્ત અને સુચારૂ ડિલિવરેજિંગ, વૈવિધ્યસભર અસ્ક્યામતો તેમજ મજબૂત ગ્રાહક આધાર અને વૈશ્વિક સ્તરે આ ક્ષેત્રમાં સૌથી વધુ નફાકારકતા માટેની પ્રતિબદ્ધતાની માન્યતાને અમે વળગીને આગળ વધતા રહીએ છીએ.

ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં

## અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો આંતરિક મૂલ્યાંકન કસોટી અને અભ્યાસલક્ષી પ્રતિભાવાત્મક સંવાદ કાર્યક્રમ યોજાયો

પોસ્ટ ગ્રેજ્યુએશન સંપન્ન કરનાર યુવાનોને પુરતુ જ્ઞાન પ્રાપ્ત થવાથી કારકિર્દી ઘડત્તર માટે મળશે નવી ઉડાન : પ્રો. ચેતન ત્રિવેદી





જૂનાગઢ, તા. ૨

જૂનાગઢ ખાતે ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીમાં વિવિધ વિદ્યા શાખાઓમાં વિદ્યા અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓના વાર્ષિક અભ્યાસ પૂર્ણ થયાના ઉપલક્ષ્ય આંતરિક મૂલ્યાંકન કસોટી, એસાઈમેન્ટ અને આંતરિક ગુણભારનના આયામ પૂર્ણ થતા વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ બાદ પ્રતિભાવાત્મક સંવાદ કાર્યક્રમ નરસિંહ મહેતા યુનિવર્સિટીના કુલપતિ ડો. ચેતન ત્રિવેદીની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ તકે અંગ્રેજી વિષયમાં અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થીઓએ અંગ્રેજી ભાષામાં જ ગ્રામિણ સંસ્કૃતિ અને શહેરી સંસ્કૃતિ એટલે કે ગ્રામીણ લોકજીવન અને શહેરી લોકજીવનના બદલાતા આયામો ઉપર સંવાદ સાધ્યો હતો, છાત્રોએ બદલાતા યુગે સોશિયલ મીડિયાના લાભ અને સોશિયલ મીડિયાની વિપરીત અસરો ઉપર સંવાદ હતો, તો કેટલાક વિદ્યાર્થીઓએ શિક્ષણ પદ્ધતિમાં પ્રત્યક્ષ શિક્ષણ અને ડિજિટલ/પરોક્ષ શિક્ષણ પદ્ધતિ અંગે પોતાના વિચારો વ્યક્ત કરી પ્રતિભાવો રજૂ કર્યા હતા. કુલપતિ ડો.ચેતન ત્રિવેદીએ વિદ્યાર્થીઓને વિદ્યાભ્યાસ બાદ તેમના જીવનમાં અભ્યાસની ઉપયોગીતા થાય અને તેમના ઉજ્વળ કારકિર્દીની શુભકામના વ્યક્ત કરી સૌ વિદ્યાર્થીઓને આશિર્વચન પાઠવ્યા હતા.સાથે સાથે વિશ્વ રોજ બરોજ વૈશ્વિક પરિવર્તનો સાથે વિકાસની દિશામાં આગળ વધી રહ્યુ હોય ત્યારે વૈશ્વિક ભાષા અંગ્રેજીમાં અનુસ્નાતક કક્ષા સુધી અભ્યાસ પુર્ણ કરનાર વિદ્યાર્થીઓએ કરેલ સપનાનાં વાવેતર વાસ્તવિક જીવનમાં આત્મસાત કરવાનો અવસર આવી ગયો છે. ડો. ત્રિવેદીએ વિદ્યાર્થીઓને શીખ આપતા જણાવ્યુ હતુ કે ટેક્નોલોજીમાં જે રીતે અપડેટ શબ્દને આપણે તકનીકી ઉપકરણોમાં ઉપયોગ કરીએ છીએ તે રીતે માત્ર શિક્ષણ હાસલ કરી લેવાથી જીવન લક્ષ્ય સિધ્ધ નથી થતું બલ્કે જીવનમાં બદલતાનાં પ્રવાહો દરમ્યાન વ્યક્તિએ પણ સદૈવ પોતાની જાતને અપડેટ રાખવી પડશે. આ તકે કુલપતિ ડો. ચેતન ત્રિવેદીએ વિદ્યાર્થઓને ઉજ્જવળ ભવિશ્યની શુભકામનાં પાઠવી હતી.

# અદાણીફાઉન્ડેશન દ્વારા કચ્છના ૬ તાલુકાઓમાં જળ સંગ્રહ અભિયાનનો પ્રારંભ

## નર્મદાના નીર પણ સાવચેતીથી નહીં વાપરીએ તો સમસ્યા સર્જાશે

અમદાવાદ, તા.૨

ગુજરાતમાં સૌથી ઓછો વરસાદ અને દુષ્કાળનું સૌથી વધુ જોખમ ધરાવતા કચ્છમા જળસંગ્રહ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે.અદાણી ફાઉન્ડેશન દ્વારા સોમવારથી કચ્છ જિલ્લાના ૬ તાલુકાઓમાં જળસંગ્રહના કાર્યોનો શુભારંભ કરવામાં આવ્યો છે. આગામી ચોમાસા પહેલા પૂર્ણ કરવાના લક્ષ્યાંક સાથે લોકભાગીદારીથી ઉમદા કામગીરી શરૂ કરવામાં આવી છે. વરસાદીપાણીના ટીપે-ટીપાનાસદુપયોગ માટેભરસક પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. કચ્છના મુંદરા, માંડવી, અબડાસા, લખપત, નખત્રાણા અને ભુજ એમ કુલ છ તાલુકાઓનાં ૨૧ ગામોના૨૪ સ્થળોએ જળસંગ્રહ અભિયાનનો આરંભાયુ છે. જેમાં ચેકડેમ, તળાવોનું રિનોવેશન, અનુશ્રવણ તળાવ વગેરેનો સમાવેશ થાય છે. અદાણી ફાઉન્ડેશન દ્વારા જળસંગ્રહ માટે ગ્રામ પંચાયત, આગેવાનો તેમજ એક્ટીવીસ્ટને સક્રિય ભાગીદારી હેતુ જોડવામાં આવ્યા છે.

હમામાન ખાતા મુજબ કચ્છમાં વાર્ષિક સરેરાશ ૩૭૮.૨ મિલીમીટર વરસાદ વરસે છે. અદાણી ફાઉન્ડેશનના ગુજરાત સી.એસ.આર. હેડ પંક્તિબેન શાહે જણાવ્યું કે “જે પાણીને દરિયામાં કે રણમાં વહેતુ અટકાવીશું એ જ પાણી આપણું છે. જે વહી જશે તે આપણા ઉપયોગમાં નહીં આવે. જળસંગ્રહના કામોને લીધે જમીનમાં ભેજસંગ્રહને કારણે ઘાસચારો અને વૃક્ષોને પુરતો ભેજ મળવાથી ગ્રીન બેલ્ટ ઉભો થશે“.

અગાઉ ઘરઆંગણે વરસાદી પાણીના સંગ્રહ માટે ૧૦,૦૦૦ લીટર સંગ્રહ ક્ષમતાવાળા ધરાવતા ૭૫થી વધુ ભૂગર્ભ ટંકાઓનું કામ કરવામાં આવ્યું હતું. માંડવી દરિયાકિનારે સ્થિત મોઢવાગામમાં સૌથી વધારે ૧૫૦ ઘરોમાં ભૂગર્ભ ટંકાઓનું નિર્માણ થઈ રહ્યું છે. જયારે ઝરપરા, ભુજપુર મોટી-નાની, ધ્રબ, બોરાણા વાડી જેવા વિસ્તારોમાં જળસંગ્રહના કામકાજ પૂરજોશમાં ચાલુ છે. અત્યાર સુધીમાં ૩૦૦ થી વધુ ભૂગર્ભ ટાંકાઓબનાવી દેવાયા છે. જળમંદિરો બનવાથી દરિયાકાંઠાનાં ગામોમાં ખારાશનું પ્રમાણ ઘટીને ૧૨૦૦ ટીડીએસજેટલું નીચું આવ્યું છે. તાજેતરમાં તીવ્ર ગતિએ ચાલી રહેલી કામગીરીને પગલે૨૧ જેટલા ગામોમાં ૨૪ જળસંગ્રહના કામો થકી ૧,૮૦,૦૦૦ ઘનમીટર પાણીનો સંગ્રહ થશે. જેનાથી આશરે ૬૫૦થી વધુ ખેડૂતો તથા ૧૨૦૦ થી વધારે એકર જમીનને ફાયદો થશે. જળસંગ્રહની આસપાસના વિસ્તારોમાં હરિયાળી ઊભી થશે. જળસંગ્રહનાઉમદા કાર્યો સમયસર પૂર્ણ થાય તે માટે ફાઉન્ડેશનની ટીમ અને ગામલોકો કટિબદ્ધ છે. બેંગલોર જેવા મહાનગરમાં સર્જાયેલી પાણીની સમસ્યાથી સૌ કોઈ વાકેફ છે, તેવામાં આપણા કચ્છને પાણીની પળોજણથી મુક્ત રાખવા સહિયારા પ્રયત્નો થઈ રહ્યા છે. કચ્છમાં નર્મદાનાં નીરને પહોંચ્યા છે, પણ જો તેને સમજણથી નહીં વાપરીએ તો સમસ્યા સર્જાશે.વળીજ્યાં નર્મદાનાં નીર પહોચ્યાં નથી ત્યાં તો વરસાદી પાણીના સંગ્રહ સિવાય કોઈજવિકલ્પ નથી. કચ્છને જળસંરક્ષણ બાબતે સક્ષમ બનાવવા જળસંગ્રહ અતિઆવશ્યક છે.જેના માટે પાણીનોકરકસરપૂર્વક ઉપયોગ કરવો, પાણીનો વેડફાટ બિલકુલ બંધ કરવો, તમામ સ્તરેપાણી રિસાયકલ અને રિયુઝ જેવા પગલાંઓ અનિવાર્ય છે.ઉદ્યોગગૃહોસામાજિક જવાબદારી સમજીચોમાસા પહેલા જળસંગ્રહના કામો કરશે તો,કચ્છને પાણીદાર પ્રદેશ બનાવી શકાશે.



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

તંત્રી લેખ

# લોકસભા ૨૦૨૪ની ચૂંટણીમાં વંશવાદની બોલબાલા

ભારતીય રાજકારણમાં વંશવાદ નવો મુદ્દો નથી, પરંતુ તેનું વધતા જવું મોટા ખતરા તરફ ઈશારો છે. રાજકીય પક્ષો એકબીજા પર પરિવારનો આરોપ લગાવે છે, પરંતુ સત્ય એ છે કે કોઈ કોઈથી પાછળ નથી. પહેલા વડાપ્રધાન જવાહરલાલ નેહરુના કાર્યકાળમાં તેમનાં પુત્રી ઈન્દિરા ગાંધીને આગળ વધારવાની સાથે જ પરિવારવાદનો સવાલ પેદા થયો હતો. ઈન્દિરા વડાંપ્રધાન બન્યા બાદ જે રીતે પહેલાં સંજય અને પછી રાજીવ ગાંધીને આગળ વધારવામાં આવ્યા, ત્યારબાદ તો વંશવાદનો આરોપ કોંગ્રેસ પર સ્થાયી રૂપે લાગુ પડી ગયો. વિટંબણા એ છે કે સૌથી જૂની પાર્ટી કોંગ્રેસને વંશવાદમાં કશી ખરાબી નથી દેખાતી. આશ્ચર્ય નહીં કે કોંગ્રેસ પરિવારોનો સમૂહ વધારે દેખાય છે. સૌથી મોટા લોકતંત્રની વિચિત્રતા જુઓ કે જે પક્ષ અને નેતા વંશવાદ માટે ક્યારેક કોંગ્રેસને કોસતા હતા, તેઓ પોતાની વંશવેલ વધારવામાં કોંગ્રેસ કરતાં ય આગળ નીકળી ગયા. પ્રાદેશિક પક્ષો તો પરિવાર કેન્દ્રિત જ છે, બાકીનાની હાલત પણ અલગ નથી. દેશ માટે નિર્ણાયક ગણાઈ રહેલી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં પણ વંશવાદ સર્વત્ર છે.

વિકૃતિઓ માટે હંમેશાં ઉત્તર ભારતને જવાબદાર માની લેવામાં આવે છે, પરંતુ ભ્રષ્ટાચારની જેમ જ વંશવાદમાં પણ આખું ભારત એક છે. ઉત્તર પ્રદેશમાં સ્વ.મુલાયમ સિંહ યાદવના પુત્ર અખિલેશ અને પુત્રવધૂ ડિંપલ ઉપરાંત ભાઈ-ભત્રીજાઓ સહિત કેટલાય અન્ય સ્વજન ચૂંટણી મેદાનમાં છે. આકાશ આનંદ બસપા સુપ્રીમો માયાવતીના વારસ ભત્રીજો હોવાને નાતે જ છે. એનડીએમાં સામેલ સંજય નિષાદ અને ઓમપ્રકાશ રાજભરને પોતાના ભાગે આવેલી એક-એક સીટ પર પણ પોતાના પુત્રો કરતાં બહેતર ઉમેદવાર ન મળ્યા. ભાજપી ઉમેદવાર રાજવીર સિંહ પૂર્વ મુખ્યમંત્રી કલ્યાણ સિંહના પુત્ર છે. રક્ષા મંત્રી રાજનાથ સિંહના પુત્ર પંકજ વિધાનસભા ચૂંટણી લડતા રહ્યા છે. બિહારમાં તો લાલુ યાદવના ચૂંટણી લડનારા પરિજનોની વધતી યાદીએ ઇન્ડી ગઠબંધન પર જ સવાલિયા નિશાન લગાવી દીધું છે. ચિરાગ પાસવાનની ઓળખ રામવિલાસ પાસવાનના પુત્ર હોવાની પણ છે. આ કેવો સામાજિક ન્યાય છે, જે પરિવારથી આગળ જોઈ જ નથી શકતો?

રાજસ્થાનમાં પણ વંશવાદે કોઈ કસર નથી છોડી. ભાજપ એક પરિવારમાં એક ટિકિટના તર્કના સહારે પોતાના પરિવારવાદનો બચાવ કરે છે, પરંતુ ધારાસભ્ય વિશ્વનાથ સિંહનાં પત્નીને રાજસમંદથી લોકસભા ટિકિટ આપવામાં આવી છે. જયપુર શહેરમાં ભંવરલાલ શર્માના નિધન બાદ પુત્રી ઉમેદવાર છે. ક્યારેક ત્રીજી ધારાની રાજનીતિના મોટા ચહેરા રહેલા નાથુરામ મિર્ધાની પૌત્રી જ્યોતિ મિર્ધા ભાજપની ટિકિટ પર નાગોરથી ચૂંટણી મેદાનમાં છે તો પૂર્વ મુખ્યમંત્રી વસુંધરા રાજેના પુત્ર દુષ્યંત સિંહ ઝાલાવાડથી ફરીથી ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસના કદાવર નેતા રહેલા શીશરામ ઓલાના પુત્ર બૃજેન્દ્ર ઝુંઝુનૂથી ચૂંટણી લડી રહ્યા છે તો પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતના પુત્ર વૈભવ જાલોર-સિરોહીથી મેદાનમાં છે. ઝાલાવાડ-બારા સીટ પર પૂર્વ મંત્રી પ્રમોદ જૈનની પત્ની ઉર્મિલા ઉમેદવાર છે. મધ્ય પ્રદેશમાં પૂર્વ કોંગ્રેસી મુખ્યમંત્રી કમલ નાથના પુત્ર નકુલ નાથ ફરીથી છિંદવાડાથી ચૂંટણી મેદાનમાં છે, તો સીધીથી પૂર્વ મંત્રી ઈન્દ્રજીત પટેલના પુત્ર કમલેશ્વર ચૂંટણી લડી રહ્યા છે. ધારાસભ્ય અભય મિશ્રાની પત્ની નીલમ રીવાથી ઉમેદવાર છે. હિમાચલ પ્રદેશના મંડીમાં કોંગ્રેસે પ્રદેશ અધ્યક્ષ પ્રતિભા સિંહના પુત્ર વિક્રમાદિત્યને ઉતાર્યા છે. હમીરપુરથી ભાજપ ઉમેદવાર અનુરાગ ઠાકુર પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધૂમલના પુત્ર છે તો ચંડીગઢથી ઉમેદવાર સંજય ટંડન પણ પંજાબના પૂર્વ મુખ્યમંત્રી બલરામજી દાસ ટંડનના પુત્ર છે. દિલ્હીમાં બાંસુરી સ્વરાજને સુષ્મા સ્વરાજની પુત્રી હોવાના નાતે જ ભાજપની ટિકિટ મળી છે. હરિયાણામાં રતનલાલ કટારિયાના નિધન બાદ તેમની પત્ની બંતોને અંબાલાથી ટિકિટ આપવામાં આવી.

બંગાળમાં મુખ્યમંત્રી મમતા બેનર્જીના ઉત્તરાધિકારી મનાતા તેમના ભત્રીજા અભિષેક ડાયમંડ હાર્બરથી ચૂંટણી લડી રહ્યા છે તો સુવેન્દુ અધિકારીના ભાઈ સૌમેન્દુ અધિકારી કાંથીથી ભાજપના ઉમેદવાર છે. મહારાષ્ટ્રમાં ખુદ વંશવાદના સહારે આગળ આવેલા ઉપ મુખ્યમંત્રી અજિત પવાર હવે પત્ની સુનેત્રાને પણ ચૂંટણી લડાવવા જઈ રહ્યા છે, તો મુખ્યમંત્રી એકનાથ શિંદેનો પુત્ર પણ ફરીથી ચૂંટણી લડી રહ્યો છે. ભાજપી ઉમેદવારોમાં પિયુષ ગોયલ, રક્ષા ખડસે, પંકજા મુંડે, સુજય વિખે પાટિલ સહિત અનેક નામો પરિવારવાદની જ દેણ છે.

કર્ણાટકમાં કોંગ્રેસે કમ સે કમ નવ મંત્રીઓ સહિત ડઝનભર નેતાઓના સંબંધીઓને ટિકિટ આપી છે, જેને મુખ્યમંત્રી સિધ્ધારમૈયા જનતાની માંગ ગણાવી રહ્યા છે! મલ્લિકાર્જુન ખડગે પોતાના પુત્ર પ્રિયાંક કર્ણાટકમાં મંત્રી હોવા છતાં જમાઈ રાધાકૃષ્ણને ગુલબર્ગાથી ચૂંટણી લડાવવાનો મોહ છોડી ન શક્યા. ઉપ મુખ્યમંત્રી ડીકે શિવકુમારના ભાઈ સુરેશ બેંગલુરુ ગ્રામીણથી ચૂંટણી મેદાનમાં છે. ભાજપના વરિષ્ઠ નેતા કેએસ ઈશ્વરપ્પાએ પોતાના પુત્રને ટિકિટ નહિ મળતાં પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પાના પુત્ર બીવાય રાઘવેન્દ્ર વિરુદ્દ્ઘ અપક્ષ ચૂંટણી લડવાનું એલાન કરી દીધું છે. યેદિયુરપ્પાના બીજા પુત્ર બીવાય વિજયેન્દ્ર ધારાસભ્યની સાથે સાથે કર્ણાટક ભાજપના અધ્યક્ષ પણ છે. લોકસભા ચૂંટણી લડી રહેલા પૂર્વ મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ પણ પૂર્વ મુખ્યમંત્રી એસઆર બોમ્મઈના પુત્ર છે. પૂર્વ વડાપ્રધાન એચડી દેવગૌડાના પુત્ર પૂર્વ મુખ્યમંત્રી ચડી કુમારસ્વામી અને પૌત્ર પ્રાજ્વલ રેવન્ના પોતાની પાર્ટી જેડી(એસ)ના ઉમેદવાર છે, તો બેંગલુરુ ગ્રામીણ સીટ પર દેવગૌડાના જમાઈ સીએન મંજૂનાથ ભાજપના. આ યાદી લાંબી છે.

વંશવાદના પોષક દલીલ કરે છે કે આખરે તો જનતા જ ચૂંટે છે, પરંતુ તેઓ એ નથી જણાવતા કે દાયકાઓ સુધી કામ કરનારા કાર્યકર્તાઓને પદ અને ટિકિટની બાજી નેતાના પરિજનો કેમ મારી જાય છે? આ અધ્યયન વંશવાદને બેનકાબ કરનારું છે કે ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૩૦ ટકા સદસ્યો રાજકીય પરિવારોના હતા. પક્ષો એ રાજ્યોની દૃષ્ટિએ પણ વધુ ફરક નથી દેખાતો. જેમ કે કોંગ્રેસે ૩૧ ટકા ટિકિટ વંશવાદને કારણે આપી તો ભાજપમાં આ ટકાવારી ૨૧ રહી. મહિલા સશક્તિકરણના નામે પણ રાજકીય પરિવારોની મહિલાઓ જ લાભાર્થી બની રહી છે. સપા, ટીડીપી, દ્રમુક અને બીઆરએસ જેવા પક્ષોમાં તો સો ટકા એવું જ થાય છે.

### ઓસ્ટ્રેલિયાના મીડિયાએ દાવો કર્યો

# જાસૂસીના આરોપસર ઓસ્ટ્રેલિયામાંથી બે ભારતીયોને દેશનિકાલ કરવામાં આવ્યા હતા

**આ જાસૂસો ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો સાથે જોડાયેલી ગુપ્ત માહિતી પણ ચોરી રહ્યા હતા**



નવી દિલ્હી, તા.૨

ઓસ્ટ્રેલિયાએ ૨૦૨૦માં બે ભારતીય જાસૂસોને દેશમાંથી હાંકી કાઢ્યા હતા. તેના પર દેશની સુરક્ષા સાથે જોડાયેલી ગુપ્ત માહિતીની ચોરી કરવાનો આરોપ હતો. આરોપ હતો કે તેઓ ઓસ્ટ્રેલિયાના ગુપ્તચર સંરક્ષણ પ્રોજેક્ટ્સ અને એરપોર્ટ સુરક્ષા સંબંધિત માહિતી ચોરી કરવાનો પ્રયાસ કરી રહ્યા હતા.ધ ઓસ્ટ્રેલિયન અને ધ સિડની મોર્નિંગ હેરાલ્ડના અહેવાલોમાં દાવો કરવામાં આવ્યો છે કે આ કેસમાં બે ભારતીયોને દેશમાંથી હાંકી કાઢવામાં આવ્યા છે. પરંતુ ભારતે આ અહેવાલો પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. એબીસીના અહેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે ભારતીય જાસૂસોને દેશના સંરક્ષણ પ્રોજેક્ટ્સ અને એરપોર્ટ સુરક્ષા સાથે સંબંધિત ગુપ્તચર દસ્તાવેજોની ચોરી કરતા પકડાયા બાદ ઓસ્ટ્રેલિયામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. આ જાસૂસો ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો સાથે જોડાયેલી ગુપ્ત માહિતી પણ ચોરી રહ્યા હતા.તમને જણાવી દઈએ કે ઓસ્ટ્રેલિયા સિક્યોરિટી ઈન્ટેલિજન્સ ઓર્ગેનાઈઝેશન એ ૨૦૨૦માં કહેવાતા વિદેશી જાસૂસોના એક જૂથનો પર્દાફાશ કર્યો હતો. આ જાસૂસો ઓસ્ટ્રેલિયામાં રહેતા ભારતીયો પર પણ ઝીણવટભરી નજર રાખતા હતા અને દેશના વર્તમાન અને ભૂતપૂર્વ નેતાઓ સાથે સંબંધો બાંધવામાં વ્યસ્ત હતા. આ દાવાઓ ઓસ્ટ્રેલિયન અખબારોમાં વોશિંગ્ટન પોસ્ટના અહેવાલ પછી કરવામાં આવી રહ્યા છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે ભારતીય ગુપ્તચર એજન્સી RAWનો એક અધિકારી ગયા વર્ષે અમેરિકન ધરતી પર શીખ ઉગ્રવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરામાં સામેલ હતો. આ અંગે ભારતે મંગળવારે કહ્યું હતું કે વોશિંગ્ટન પોસ્ટે આટલા ગંભીર મામલામાં બિનપુરવાર આરોપ લગાવ્યા છે.વોશિંગ્ટન પોસ્ટના રિપોર્ટમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે RAWના બે અધિકારીઓને પણ ૨૦૨૦માં ઓસ્ટ્રેલિયામાંથી હાંકી કાઢવામાં આવ્યા હતા. એબીસીના રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ASIO ના ડાયરેક્ટર જનરલ માઈક બર્ગેસે ૨૦૨૧માં પહેલીવાર કબૂલ્યું હતું કે જાસૂસી જૂથનો પર્દાફાશ થયો છે પરંતુ તે સમયે તેમણે આ પ્રવૃત્તિ પાછળ કયો દેશનો હાથ છે તે જણાવ્યું ન હતું.બર્ગેસે તેના અહેવાલમાં જણાવ્યું હતું કે જાસૂસોએ દેશના નેતાઓ, વિદેશી દૂતાવાસ અને રાજ્ય પોલીસ સેવા સાથે પસંદગીપૂર્વક નજીકના સંબંધો વિકસાવ્યા હતા. તેણે ઓસ્ટ્રેલિયામાં રહેતા વિદેશી નાગરિકો પર નજર રાખી હતી. તેણે ઓસ્ટ્રેલિયાના વેપાર સંબંધો વિશે ગુપ્ત માહિતી મેળવવાનો પ્રયાસ કર્યો.

### જજે ઉલ્લંઘન માટે ૯૦૦૦ ડોલરનો દંડ ફટકાર્યો

# ડોનાલ્ડ ટ્રમ્પ 'કોર્ટની અવમાનના'માં દોષિત

**નેશનલ એન્ક્વાયરર મેગેઝિનના પ્રકાશક ડેવિડ પેકરે તાજેતરમાં ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ટ્રમ્પ વિરુદ્ધ જુબાની આપી હતી**



નવી દિલ્હી, તા.૨

ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ સતત વધી રહી છે. હશ મની (કેસ છુપાવવા માટે આપવામાં આવેલી લાંચ) કેસની સુનાવણી કરતા ન્યાયાધીશે ભૂતપૂર્વ યુએસ પ્રમુખને ગેગ ઓર્ડર (વિચારણા હેઠળના કેસમાં નિવેદનો આપવા પર પ્રતિબંધ) ના ઉલ્લંઘન માટે દોષિત ઠેરવ્યા અને તેમના પર $ ૯૦૦૦ (૭.૫૦ લાખ) નો દંડ લાદ્યો. ૧ રૂપિયાનો દંડ ફટકાર્યો હતો અને ચેતવણી આપી હતી કે જો તે આવું પુનરાવર્તન કરશે તો તેને જેલમાં જવું પડી શકે છે. કોર્ટે ડોનાલ્ડ ટ્રમ્પને સાક્ષીઓ, ન્યાયાધીશો અને હશ મની કેસ સાથે સંબંધિત અન્ય બાબતો વિશે જાહેર નિવેદનો કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.ટ્રમ્પ પર ૧૦ વખત ગેગ ઓર્ડરનું ઉલ્લંઘન કરવાનો આરોપ લાગ્યો હતો. જો કે, ન્યાયાધીશ જુઆન એમ. મર્ચને તેને નવ વખત કોર્ટના આદેશોનું ઉલ્લંઘન કરવા બદલ દોષી ઠેરવ્યો હતો. ડોનાલ્ડ ટ્રમ્પ વિચારણા હેઠળના મામલામાં નિવેદન આપતા હતા અને કહેતા હતા કે તેઓ તેમના ભાષણના સ્વતંત્ર અધિકારનો ઉપયોગ કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે અમેરિકામાં આ વર્ષના અંતમાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાવા જઈ રહી છે, જેના માટે ડોનાલ્ડ ટ્રમ્પ પણ પોતાનો દાવો રજૂ કરી રહ્યા છે. અમેરિકન એજન્સીઓના તાજેતરના સર્વેમાં વર્તમાન પ્રમુખ જો બિડેન અને ટ્રમ્પ વચ્ચે સીધી સ્પર્ધા જોવા મળી છે.નેશનલ એન્ક્વાયરર મેગેઝિન પબ્લિશર ડેવિડ પેકરે તાજેતરમાં ભૂતપૂર્વ યુએસ પ્રમુખ ટ્રમ્પ વિરુદ્ધ જુબાની આપી હતી. પેકરે કોર્ટને કહ્યું કે તેણે ૨૦૧૬ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ડોનાલ્ડ ટ્રમ્પને મદદ કરવા માટે તેના ટેબ્લોઈડનો ઉપયોગ કરવા માટે એક ગોપનીય કરાર કર્યો હતો. હશ મની કેસમાં ડેવિડ પેકર પ્રથમ સાક્ષી છે. પેકરના જણાવ્યા અનુસાર, તેમણે ૨૦૧૫માં ટ્રમ્પને કહ્યું હતું કે નેશનલ એન્ક્વાયરર તેમના વિશે સકારાત્મક કવરેજ આપશે.ડેવિડ પેકરે પણ કબૂલ્યું હતું કે તેણે પોતાના મેગેઝિન દ્વારા ન્યૂયોર્ક સેક્સ સ્કેન્ડલને દબાવવાનો પ્રયાસ કર્યો હતો. તમને જણાવી દઈએ કે ડોનાલ્ડ ટ્રમ્પ આ કેસમાં આરોપી છે. કોર્ટે સ્વીકાર્યું છે કે આ બાબતને દબાવીને રાષ્ટ્રપતિની ચૂંટણીને પ્રભાવિત કરવામાં આવી હતી. ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ પર પુખ્ત ફિલ્મ અભિનેત્રી સ્ટોમી ડેનિયલ્સને તેમના ગેરકાયદેસર સંબંધો વિશે મૌન રાખવાના બદલામાં $ ૧૩૦,૦૦૦ની લાંચ આપવાનો આરોપ છે. તેના પર આ રકમની ચૂકવણી છુપાવવા માટે બિઝનેસ રેકોર્ડ ખોટા કરવાનો પણ આરોપ છે.ડોનાલ્ડ ટ્રમ્પે કોર્ટમાં નિર્દોષ હોવાનો દાવો કર્યો છે અને સ્ટોમી ડેનિયલ્સ, જેનું સાચું નામ સ્ટેફની ક્લિફોર્ડ છે તેની સાથે કોઈ જાતીય સંબંધ હોવાનો ઈનકાર કર્યો છે. ભૂતપૂર્વ અમેરિકન રાષ્ટ્રપતિ વિરુદ્ધ આ પ્રકારનો આ પહેલો કેસ છે.

# અમેરિકાએ મેથીલીન ક્લોરાઇડના ઉપયોગ કરવા પર પ્રતિબંધ મુક્યો

**લાંબા ગાળાની સ્વાસ્થ્ય અસરોમાં વિવિધ પ્રકારનાં કેન્સરનો સમાવેશ થાય છે, જેમાંથી સૌથી વધુ લીવર કેન્સર અને ફેફસાંનું કેન્સર છે**




નવી દિલ્હી, તા.૨

એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન એજન્સીએ મંગળવારે જણાવ્યું હતું કે તેણે મેથિલિન ક્લોરાઇડના ઉપભોક્તા ઉપયોગ પર પ્રતિબંધને અંતિમ સ્વરૂપ આપ્યું છે. મેથિલિન ક્લોરાઇડ એ એક રસાયણ છે જેનો વ્યાપકપણે પેઈન્ટ સ્ટ્રિપર તરીકે ઉપયોગ થાય છે પરંતુ તે લીવર કેન્સર અને અન્ય સ્વાસ્થ્ય સમસ્યાઓ માટે જાણીતું છે.EPA એ જણાવ્યું હતું કે તેની ક્રિયા અમેરિકનોને આરોગ્યના જોખમોથી બચાવશે. એજન્સીએ કેમિકલના કેટલાક વ્યાપારી ઉપયોગોને મજબૂત કામદાર સુરક્ષા સાથે ચાલુ રાખવાની મંજૂરી આપી છે.મિથિલિન ક્લોરાઇડ પર પ્રતિબંધ મૂકતો નિયમ એ બીજો જોખમ વ્યવસ્થાપન નિયમ છે જેને પ્રમુખ જો બિડેનના વહીવટીતંત્ર દ્વારા ઝેરી પદાર્થો નિયંત્રણ કાયદામાં ૨૦૧૬ના ઐતિહાસિક સુધારાના ભાગરૂપે અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું હતું.EPA એડમિનિસ્ટ્રેટર માઈકલ રેગને એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "મેથાઈલીન ક્લોરાઈડના સંપર્કમાં આ દેશભરના પરિવારોને લાંબા સમયથી બરબાદ કરવામાં આવ્યા છે, જેમાં કેટલાક એવા લોકોનો પણ સમાવેશ થાય છે કે જેમણે પ્રિયજનોને કામ પર જતા જોયા હતા અને ક્યારેય ઘરે પાછા ફરતા નથી."મેથીલીન ક્લોરાઇડ, જેને ડીક્લોરોમેથેન તરીકે પણ ઓળખવામાં આવે છે, એક રંગહીન રસાયણ જે ઝેરી વરાળનું ઉત્સર્જન કરે છે, તે ૧૯૮૦ થી અત્યાર સુધીમાં ઓછામાં ઓછા ૮૮ કામદારોના મૃત્યુ પામ્યા છે, EPA એ જણાવ્યું હતું. લાંબા ગાળાની સ્વાસ્થ્ય અસરોમાં વિવિધ પ્રકારનાં કેન્સરનો સમાવેશ થાય છે, જેમાંથી સૌથી વધુ લીવર કેન્સર અને ફેફસાંનું કેન્સર છે.

# ABVPના વિદ્યાર્થીઓ બોટલમાં પેટ્રોલ લઈને કોલેજની છત ઉપર ચઢ્યા

**માહિતી મળતાની સાથે જ શાળા પ્રશાસન અને પોલીસ પ્રશાસન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને વિદ્યાથીઓ સાથે વાત કરી**




દેહરાદૂન, તા.૨

ઉત્તરાખંડના લાલકુઆંમાં ત્યારે હંગામો મચી ગયો જ્યારે એબીવીપીના વિદ્યાથી નેતાઓ બોટલમાં પેટ્રોલ લઈને કોલેજની છત પર ચઢી ગયા અને આત્મહત્યા કરવાનો પ્રયાસ કર્યો. માહિતી મળતાની સાથે જ શાળા પ્રશાસન અને પોલીસ પ્રશાસન તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા અને વિદ્યાથીઓ સાથે વાત કરી.

વિદ્યાથી નેતાનું કહેવું છે કે જો માંગણીઓ નહીં સંતોષાય તો વધુ એક હિંસક આંદોલન કરવામાં આવશે.વાસ્તવમાં, લાલ બહાદુર શાસ્ત્રી કોલેજના વિદ્યાથીઓની માંગણીઓને પૂર્ણ કરવા અને કોલેજ પ્રશાસનને તેમના મંતવ્યો પહોંચાડવા માટે, એબીવીપીના કેટલાક વિદ્યાથી નેતાઓ કોલેજની છત પર ચઢી ગયા હતા. આ પછી તેણે હાથમાં પેટ્રોલની બોટલ લઈને આત્મહત્યા કરવાની ધમકી આપવાનું શરૂ કર્યું. પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને ઘણી જહેમત બાદ તમામ વિદ્યાથીઓને નીચે ઉતાર્યા.આ દરમિયાન વિદ્યાથી આગેવાનોએ જણાવ્યું હતું કે, અભ્યાસક્રમ પૂરો કર્યા વિના પરીક્ષા લેવામાં આવી રહી છે, જે તદ્દન ખોટી છે. પહેલા અભ્યાસક્રમ પૂરો કરવો જોઈએ. આ પછી પરીક્ષાઓ થવી જોઈએ. પોલીસ પ્રશાસન અને કોલેજ પ્રશાસનના આદર અને મનોબળ પછી, વિદ્યાથી નેતાઓ સંમત થયા હતા અને જો તેમની માંગણીઓ ટૂંક સમયમાં સંતોષવામાં નહીં આવે તો ફરીથી હિંસક આંદોલન કરવાની ચેતવણી આપી હતી.તમને જણાવી દઈએ કે ઉત્તરાખંડ બોર્ડ ૧૦માનું પરિણામ ૨૦૨૪ જાહેર કર્યું: ઉત્તરાખંડ બોર્ડ ઓફ સ્કૂલ એજ્યુકેશનએ ૩૦ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ઉત્તરાખંડ બોર્ડ ૧૦માનું પરિણામ જાહેર કર્યું છે. આજે સવારે ૧૧:૩૦ વાગ્યે રામનગર સ્થિત કાઉન્સિલની ઓફિસમાં પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આ વર્ષે પાસની ટકાવારી ૮૯.૧૪% રહી છે. પ્રિયાંશી રાવતે ધોરણ ૧૦માં ૫૦૦માંથી ૫૦૦ માર્ક્સ મેળવીને ટોપ કર્યું છે.

# સરકારે ઉનાળાની ઋતુમાં હીટવેવ (લૂ) દરમ્યાન ચા, કોફી અને આલ્કોહોલ પીવાનું ટાળવા જણાવ્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)

નવી દિલ્હી, તા.૨

દેશના ઘણા રાજ્યોમાં આકરી ગરમી પડી રહી છે. ગરમીથી બચવા લોકો વિવિધ ઉપાયો કરી રહ્યા છે. આ દરમિયાન કેન્દ્ર સરકારે લોકોને ખાણી-પીણીને લઈને એડવાઈઝરી જાહેર કરી છે. સરકારે લોકોને ઉનાળાની ઋતુમાં હીટવેવ (લૂ) દરમિયાન ચા અને કોફી પીવાનું ટાળવા જણાવ્યું હતું.

આલ્કોહોલ પીવાથી પણ દૂર રહેવા માટે સરકારે લોકોને અપીલ કરી છે. આ સિવાય કાર્બોરેટેડ સોફ્ટ ડ્રિંક્સ (કોલ્ડ ડ્રિંક્સ) પીવાનું પણ ટાળવા જણાવ્યું છે. ત્યારે આ દરમિયાન ગરમીને લઈને શું કરવું તેને લઈને સરકાર દ્વારા ગાઈડલાઈન બહાર પાડવામાં આવી છે.

સરકારની એડવાઈઝરીમાં કહેવામાં આવ્યું છે કે ઉનાળામાં ચા, કોફી, કોલ્ડ ડ્રિંક્સ અને આલ્કોહોલ આ પીણાં પીવાથી શરીરમાં ડીહાઈડ્રેશન (પાણીની ઉણપ) થઈ શકે છે. ત્યારે ગરમીના આ સમયગાળામાં હાઈ પ્રોટીન ફૂડ ન ખાવાની સલાહ આપવામાં આવી છે. તેમજ સ્ટ્રીટ ફૂડ ખાવાનું ટાળો. ઘરમાં ભોજન બનાવતી વખતે દરવાજા અને બારીઓ ખુલ્લા રાખો.

નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA) અનુસાર, હીટસ્ટ્રોકની અસરોથી બચવા માટે બપોરે ૧૨ થી ૩ વાગ્યાની વચ્ચે સૂર્યપ્રકાશમાં આવવાનું ટાળો. ગરમી દરમિયાન સફેદ રંગના સુતરાઉ કપડા પહેલો જે ગરમીમાં રાહત આપશે

**આટલુ કરવાથી ગરમીમાં મળશે રાહત**

- પૂરતું પાણી પીઓ. જો તમને તરસ ન લાગે તો પણ શક્ય તેટલી વાર પાણી પીવો.
- સફેદ કે હળવા રંગના, ઢીલા અને સુતરાઉ કપડાં પહેરો.
- તડકામાં બહાર જતી વખતે ગોગલ્સ, છત્રી/ટોપી, શૂઝ અથવા ચપ્પલનો ઉપયોગ કરો.
- જ્યારે બહારનું તાપમાન વધારે હોય ત્યારે બહાર જવાનું ટાળો. મુસાફરી દરમિયાન પાણી સાથે રાખો.
- આલ્કોહોલ, ચા, કોફી અને ઠંડા પીણા પીવાનું ટાળો.
- હાઈ પ્રોટિન ખોરાક લો અને વાસી ખોરાક ન ખાઓ.
- જો તમે બહાર કામ કરો છો, તો ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરો અને તમારા માથા અને ચહેરાને હળવા સુતરાઉ કપડાથી ઢાંકો.
- જો તમે થાક, અસ્વસ્થ અથવા બીમાર અનુભવો છો, તો તરત જ ડૉક્ટરની સલાહ લો.
- ઓઆરએસ, ઘરે બનાવેલા પીણાં જેવા કે લસ્સી, લીંબુનું શરબત, છાશ વગેરેનો ઉપયોગ કરો જે શરીરને ફરીથી હાઈડ્રેટ કરવામાં મદદ કરે છે.
- તમારા ઘરને ઠંડુ રાખો, પડદા, શટર અથવા સનશેડ્સનો ઉપયોગ કરો અને રાત્રે બારીઓ ખુલ્લી રાખો.
- પંખાનો ઉપયોગ કરો, ઠંડા પાણીથી સ્નાન કરો.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

મોટાભાગના મનુષ્ય પોતાના અત્મશક્તિને ઓળખતા નથી...

- અથર્વવેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર વદ-૯ પંચક (બપોરે ૨:૩૨ ક.થી પ્રારંભ) તા.૨ મે ૨૦૨૪, ગુરૂવાર, પારસી તા.૨૧, મુસ્લિમ તા.૨૨, ધનિષ્ઠા નક્ષત્ર, શુક્લ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૧૮, સૂ.અ.૭:૧૭


આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી મકર (ખ જ), બપોરે ૨:૩૨ ક. પછી જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. કાર્ય સફળતા માટે વિશેષ પુરૂષાર્થ કરવો પડે.
વૃષભ: ધંધાના નવા આયોજનમાં સફળતા મળે. મનની મુરાદ પૂરી થાય.
મિથુન: જીવનસાથીના આરોગ્ય અંગે ચિંતા સતાવે. માનસિક ઉચાટમાં વધારો થાય.
કર્ક: આકસ્મિક પ્રવાસ-મુસાફરીના યોગ છે. અગત્યના કાર્યોમાં પ્રગતિ થાય.
સિંહ: આકસ્મિક આફત આવી પડે. સ્વમાન ભંગ થયાનો અનુભવ થાય.
કન્યા: આર્થિક સમસ્યા તંગ બને. વ્યર્થ વાદ-વિવાદના ભોગ બનવું પડે.
તુલા: ઉત્સાહભર્યો દિવસ વ્યતિત થાય. આર્થિક બાબતોને લગતા કાર્યમાં સફળતા મળે.
વૃશ્ચિક: મહત્વના કાર્યોમાં સફળતા મળે. નવિન શુભ સમાચાર મળે.
ધન: આવક-જાવક સરભર રહે. જોખમપૂર્ણ કાર્યથી દૂર રહેવું.
મકર: કૌટુંબિક મતભેદો ઊભા થાય. ખર્ચનું પ્રામણ વધતું જણાય.
કુંભ: આર્થિક લાભ ઉઠાવી શકશો. અગત્યના કાર્યમાં સફળતા મળે.
મીન: આર્થિક સમસ્યા હળવી બને. મન પ્રફુલિત રહે.

# શાહરૂખ ખાનની દિકરી સુહાના ખાન લક્સની નવી બ્રાન્ડ એમ્બેસેડર બનશે



મુંબઈ, તા.૨

શાહરુખ ખાનની દિકરી સુહાના ખાન લક્સની નવી બ્રાન્ડ એમ્બેસેડર બનશે. આ પહેલાં શાહરુખ ખાન પણ આ બ્રાન્ડ સાથે કામ કરી ચૂક્યો છે. આ કોઈ સામાન્ય જાહેરખબર જેવી વાત નથી. જે પણ સ્ટાર્સ લક્સના બ્રાન્ડ એમ્બેસેડર બન્યા છે, તેમની કૅરિયર માટે તે એક અગત્યનો પડાવ સાબિત થયો છે. અત્યાર સુધીમાં અનેક હોલીવુડ અને બોલીવુડ સ્ટાર્સ લક્સની એડવર્ટાઈઝમેન્ટમાં જોવા મળ્યા છે અને એ બધાં જ આઈકોનિક બની ગયા છે. લક્સ પોતાની લેગસીના ૧૦૦ વર્ષની ઉજવણી કરી રહ્યું છે. આ પહેલા શાહરુખ ખાન ઘણી વખત લક્સની એડમાં જોવા મળ્યો છે અને હવે સુહાના ખાન તેનો નવો ચહેરો બનશે. શાહરુખની લક્સ સાથેની સફર ૨૦૦૫માં શરૂ થઈ હતી, જ્યારે તે ગુલાબની પાંદડીઓ ભરેલાં ભાથટબમાં ડૂબેલો જોવા મળતો હતો, જ્યારે હેમા માલિની, કરીના કપુર, શ્રી દેવી અને જૂહી ચાવલા તેની આસપાસ બેઠેલાં જોવા મળતાં હતાં.

# ૨,૯૭૬ સેક્સ વીડિયો, સંભવિત 'બ્રહ્માસ્ત્ર' : ભાજપના નેતાએ પાર્ટીને JD(S) સાંસદ વિશે અગાઉથી ચેતવણી આપી હતી

બેંગ્લુરૂ, તા.ર

જનતા દળ (સેક્યુલર)ના સાંસદ પ્રજવલ રેવન્ના સાથે સંકળાયેલા 'અશ્લીલ વીડિયો' કૌભાંડ વચ્ચે કર્ણાટક ભાજપના એક નેતા દ્વારા લખાયેલો એક પત્ર બહાર આવ્યો છે જેમાં તેમણે રાજ્યના પાર્ટી અધ્યક્ષને કહ્યું હતું કે, તેની પાસે મહિલાઓ સાથે જાતિય સતામણીની લગભગ ૩૦૦૦ વીડિયો ધરાવતી પેન ડ્રાઈવ છે. તેમણે કહ્યું કે, જે ફૂટેજનો ઉપયોગ રેવન્ના દ્વારા કથિત રીતે મહિલાઓને બ્લેકમેઈલ કરવા માટે કરાયો હતો તે રાજ્યમાં BJP-JD(S) ગઠબંધન માટે 'મોટો ફટકો' સાબિત થઈ શકે છે. ૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ભાજપના પ્રદેશ અધ્યક્ષ બી.વાય. વિજયેન્દ્રને લખેલા તેમના પત્રમાં ૨૦૨૩ની વિધાનસભા ચૂંટણી માટે પાર્ટીના હોલેનરસીપુરાના ઉમેદવાર દેવરાજે ગૌડાએ જણાવ્યું હતું કે, 'પક્ષ સાથે ગઠબંધનમાં રહેલા જેડીએસના એનડીએ ઉમેદવાર પ્રજવલ રેવન્ના સહિત એચ.ડી. દેવગૌડા પરિવારના ઘણા નેતાઓ સામે ગંભીર આરોપો છે. દેવરાજે ગૌડાએ જણાવ્યું હતું કે, પેન ડ્રાઈવમાં કુલ ૨૯૭૬ વીડિયો હતા અને ફૂટેજમાં દર્શાવવામાં આવેલી કેટલીક મહિલાઓ સરકારી અધિકારીઓ હતી. વીડિયો 'ત્યારબાદ તેમને જાતીય પ્રવૃતિઓમાં જોડાવાનું ચાલુ રાખવા માટે બ્લેકમેઈલ કરવા માટે ઉપયોગમાં લેવાતા હતા.' ભાજપ નેતાએ વધુમાં દાવો કર્યો હતો કે, આ વીડિયો અને ફોટા ધરાવતી બીજી પેન ડ્રાઈવ કોંગ્રેસના રાષ્ટ્રીય નેતાઓ સુધી પહોંચી છે. દેવરાજે ગૌડાએ પત્રમાં કહ્યું કે, 'જો આપણે JD(S) સાથે જોડાણ કરીએ અને જો આપણે હાસનમાં JD(S)ના ઉમેદવારને લોકસભા ચૂંટણી માટે નોમિનેટ કરીએ તો આ વીડિયોનો ઉપયોગ બળાત્કારીના પરિવાર સાથે સંબંધના 'બ્રહ્માસ્ત્ર' તરીકે થઈ શકે છે અને અમે કલંકિત થઈ જઈશું. આ રાષ્ટ્રીય સ્તરે અમારી પાર્ટીની છબી માટે એક મોટો ફટકો હશે.' JD(S) સપ્ટેમ્બર ૨૦૨૩માં એનડીએમાં જોડાઈ હતી. કુંદકુરે જણાવ્યું કે, 'છેલ્લા કેટલાક દિવસોમાં જાતીય કૃત્યો દર્શાવતા વીડિયો રાજ્યભરમાં પ્રસારિત કરવામાં આવી રહ્યા છે જેના કારણે પાર્ટી માટે ભારે શરમની વાત છે. એવું લાગે છે કે, તે પ્રજ્વલ રેવન્ના છે કારણ કે, તે વીડિયોના કેટલાક ભાગોમાં જોવા મળ્યો હતો. શરૂઆતમાં એવું લાગે છે કે, તે આરોપી છે તેથી હું તમને વિનંતી કરૂં છું કે તેને તરત જ પાર્ટીમાંથી હાંકી કાઢો.' સૂત્રોના જણાવ્યા અનુસાર રેવન્ના બેંગ્લુરૂથી રવિવારે ફ્રેન્કફર્ટ જવા રવાના થઈ ગયો હતો. સોમવારે કોંગ્રેસના નેતા પવન ખેરાએ દેવરાજે ગૌડાનો પત્ર ટ્વિટ કર્યો અને કહ્યું કે, ફરિયાદ હોવા છતાં ભાજપ શા માટે 'હજુ પણ જેડીએસ સાથે ગઠબંધન સાથે આગળ વધે છે.' તેમણે એવો સવાલ પણ ઉઠાવ્યો હતો કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કૌભાંડ ઉપર કેમ ચૂપ છે. આ કૌભાંડ ઉપર પ્રતિક્રિયા આપતા શિવસેના (ઉદ્ધવ)ના નેતા પ્રિયંકા ચતુર્વેદીએ સોમવારે ટ્વિટ કર્યું હતું કે, પ્રજવલ રેવન્નાની 'ઉમેદવારીને રદ કરવાની જરૂર છે અને તેના મતવિસ્તાર માટે નવેસરથી ચૂંટણીઓ યોજવી જોઈએ.' તેમણે ઉમેર્યું કે, 'તેમને કાયદાનો સામનો કરવા માટે જર્મનીથી પાછા લાવવાની જરૂર છે. તે આ મહિલાઓ માટે ન્યાયનો ભાગ હશે.' રવિવારે રાત્રે એક અલગ ટ્વિટમાં ચતુર્વેદીએ કહ્યું હતું કે, તેઓ રાષ્ટ્રીય મહિલા આયોગના અધ્યક્ષ રેખા શર્મા અને કેન્દ્રીય મંત્રીઓ સ્મૃતિ ઈરાની અને અમિત શાહના 'મૌનથી આઘાત પામ્યા છે.' તેમણે પૂછ્યું કે, 'હું તેમના પરિવારના નેટવર્કમાં પણ જવા માંગતી નથી પરંતુ એક વર્તમાન સાંસદ અને ભાજપના સહયોગી તરીકે તેઓએ હજી સુધી સંબંધો કેમ તોડ્યા નથી.'

## સેક્સ સ્કેન્ડલ કેસની તપાસ માટે કર્ણાટક સરકારે SIT રચી

બેંગ્લુરૂ, તા.ર

મુખ્યમંત્રી સિદ્ધારમૈયાની આગેવાની હેઠળની કર્ણાટક કોંગ્રેસ સરકારે હાસનના જેડી(એસ) સાંસદ અને એચડી દેવગૌડાના પૌત્ર પ્રજ્વલ રેવન્નાની સેક્સ સ્કેન્ડલમાં કથિત સંડોવણીની તપાસ માટે વિશેષ તપાસ ટીમ (એસઆઈટી)ની રચના કરી હતી. રેવન્નાએ કથિત રીતે હજારો મહિલાઓનું જાતીય શોષણ કર્યું હતું અને તેના સેલફોન ઉપર વિડિયો શૂટ કર્યા હતા અને તેની પેનડ્રાઈવ નિર્ધારિત રીતે પ્રસારિત કરવામાં આવી હતી. એસઆઈટીની સ્થાપનાની પુષ્ટિ કરતાં કર્ણાટકના ગૃહમંત્રી ડો.જી. પરમેશ્વરાએ કૌભાંડની નિષ્પક્ષ તપાસનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું કે, ''એકવાર કેસ એક ટોચના પોલીસ અધિકારીની આગેવાની હેઠળની એસઆઈટીને સોંપવામાં આવે તે પછી તે નક્કી કરશે કે શું પગલાં લેવા જોઈએ. જો તે સાચું હશે કે આરોપી દેશ છોડીને ભાગી ગયો છે તો એઆઈટી તેને પરત લાવવા અંગે પગલાં લેશે.અમે તપાસમાં હસ્તક્ષેપ કરીશું નહીં, કારણ કે તે એસઆઈટીનું નેતૃત્વ વરિષ્ઠ અધિકારી કરશે.'' રાજ્ય સરકાર દ્વારા રચાયેલી ત્રણ સભ્યોની એસઆઈટીનું નેતૃત્વ આઈપીએસ અધિકારી વિજય કુમાર સિંહ કરશે. ડીજી સીઆઈડી સુમન ડી પેન્નેકર અને આઈપીએસ અધિકારી સીમા લાટકર ટીમના સભ્યો હશે. જેડી(એસ)ના નેતાઓએ કાર્યવાહી કરવાની હાકલ કરી છે. દરમ્યાન પ્રજ્વલના કાકા એચડી કુમારસ્વામી અને કોર કમિટીના અધ્યક્ષ જીટી દેવગૌડા સહિત ટોચના JD(S) નેતાઓએ રેવન્નાનો બચાવ કર્યો ન હતો અને કહ્યું હતું કે દોષિતોને સજા થવી જોઈએ. એચડી કુમારસ્વામીએ કહ્યું કે, ''સરકારે આ સંદર્ભે એસઆઈટી તપાસનો આદેશ આપ્યો છે. એસઆઈટી તપાસમાંથી તથ્યો બહાર આવવા દો. જેણે પણ આ જમીનનો કાયદો તોડીને ખોટું કર્યું છે, જેમણે મીઠું ખાધું છે તેમણે પાણી પીવું જોઈએ. આ સંદર્ભે કોઈને માફ કરવાનો કોઈપ્રશ્ન નથી, હું તપાસ અહેવાલ સંપૂર્ણ રીતે બહાર આવ્યા પછી વાત કરીશ.'' એસઆઈટી તપાસને આવકારતા જીટી દેવગૌડાએ કહ્યું કે જો એસઆઈટી તપાસમાં રેવન્ના દોષી ઠરશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. દરમ્યાન પ્રજ્વલ અને તેના પિતા અને પૂર્વ મંત્રી એચડી રેવન્ના વિરૂદ્ધ રવિવારે જાતીય સતામણી અને પીછો કરવાનો કેસ નોંધવામાં આવ્યો હતો. તેમના રસોઈયાની ફરિયાદના આધારે હાસનના હોલેનરસીપુર પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. ફરિયાદીએ કહ્યું કે તે રેવન્નાની પત્ની ભવાનીનો સંબંધી છે. તેણીએ આક્ષેપ કર્યો હતો કે તેણીએ કામ કરવાનું શરૂ કર્યું તેના ચાર મહિના પછી રેવન્ના તેણીને જાતીય સતામણી કરતો હતો અને તેનો પુત્ર પ્રજ્વલ તેની પુત્રીને વિડિયો કોલ કરતો હતો અને તેની સાથે ''અભદ્ર વાતચીત'' કરતો હતો. તેણીએ એવો પણ આક્ષેપ કર્યો હતો કે તેણીના તેમજ તેના પરિવારના અન્ય સભ્યોના જીવને ખતરો છે.

# ૨૦૧૭ પછીથી બમણા કરતાં વધુ રોકડ ચલણમાં છે

### ચલણમાં રોકડ માર્ચ ૨૦૧૭માં રૂા.૧૩ લાખ કરોડથી વધીને માર્ચ ૨૦૨૪ના અંતે રૂા.૩૫ લાખ કરોડ થઈ

નવી દિલ્હી, તા.ર

HSBC PMI અને CMS કેશ ઈન્ડેક્સ અનુસાર ચલણમાંથી રૂા.૨૦૦૦ મૂલ્યની બેંકનોટ પાછી ખેંચી લેવા છતાં માર્ચ ૨૦૧૭ અને માર્ચ ૨૦૨૪ વચ્ચે ચલણમાં રહેલી રોકડ બમણી થઈ ગઈ છે. ધ ઈકોનોમિક ટાઈમ્સના જણાવ્યા પ્રમાણે આ બે સૂચકાંકો એકસાથે આગળ વધ્યા છે જે દર્શાવે છે કે, રોકડ અને ડિજિટલ પેમેન્ટ બંનેમાં વૃદ્ધિ જોવા મળી છે. સૂચકાંકોએ ચલણમાં રોકડનું મહત્ત્વ દર્શાવ્યું હતું. બિજનેસ ડેઈલીએ તેના અહેવાલમાં જણાવ્યું હતું કે, ચલણમાં રોકડ માર્ચ ૨૦૧૭માં રૂા.૧૩.૩૫ લાખ કરોડથી વધીને માર્ચ ૨૦૨૪ના અંતે રૂા.૩૫.૧૫ લાખ કરોડ થઈ હતી. નવેમ્બર ૨૦૧૬માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૫૦૦ અને ૧૦૦૦ રૂપિયાની નોટો ઉપર પ્રતિબંધની જાહેરાત કરી હતી. આ પછી રૂા.૨૦૦૦ની નોટ રજૂ કરવામાં આવી હતી, જે અગાઉ જણાવ્યા મુજબ મે ૨૦૨૩માં પાછી ખેંચી લેવામાં આવી હતી. વધુમાં અહેવાલમાં રેખાંકિત કરવામાં આવ્યું છે કે, ૨૦૧૬માં શરૂ કરાયેલ UPI દ્વારા ડિજિટલ ચૂકવણી, ૨૦૨૦માં કોવિડ-૧૯ રોગચાળા પછી જ વધી છે અને તેમાં લગભગ નવ ગણો વધારો નોંધાયો છે. માસિક UPI વ્યવહારોનું મૂલ્ય માર્ચ ૨૦૨૦માં રૂા.૨.૦૬ લાખ કરોડથી વધીને ફેબ્રુઆરી ૨૦૨૪માં રૂા.૧૮.૦૭ લાખ કરોડ થયું હતું. અહેવાલમાં નોંધવામાં આવ્યું હતું કે, ચલણમાં ચલણ ઉપર ભારતીય રિઝર્વ બેંકના મૂલ્યાંકનો દર્શાવે છે કે, તહેવારો દરમ્યાન અને મોટી ચૂંટણીઓ પહેલા ચલણની માંગ ઘણી વખત વધુ હોય છે, આ ઉપરાંત જે વર્ષમાં કૃષિ ક્ષેત્ર મજબૂત વૃદ્ધિ કરે છે તે દરમ્યાન પણ તેમાં વધારો થાય છે કારણ કે, તે ગ્રામીણ વિસ્તારોમાંથી રોકડની માંગને પ્રોત્સાહન આપે છે. રસપ્રદ વાત એ છે કે, CMS ઈન્ફો સિસ્ટમનો CMS કેશ ઈન્ડેક્સ - જે રોકડ વ્યવસ્થાપન અને અન્ય વ્યવસાયિક સેવાઓ પ્રદાન કરે છે- HSBC પરચેઝ મેનેજરના ઈન્ડેક્સને અનુરૂપ વલણ ધરાવે છે. એક રિપોર્ટ મુજબ, જ્યારે સીએમએસ કેશ ઈન્ડેક્સ એપ્રિલ ૨૦૧૭માં ૧૦૦ ઉપર હતો અને માર્ચ ૨૦૨૪માં વધીને ૧૨૫.૬ થયો હતો, તે જ સમયગાળામાં HSBC PMI ૧૦૦થી વધીને ૧૧૭ થયો હતો. ધ ઈકોનોમિક ટાઈમ્સના અહેવાલ મુજબ, CMS ઈન્ફો સિસ્ટમ્સ કન્ઝમ્પશન રિપોર્ટ 2024 - 'Unfolding India's Consumption Story ૨૦૨૪એ હાઈલાઈટ કરે છે કે, 'કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને FMCG સેક્ટરમાં ખર્ચ વધી રહ્યો છે અને મુસાફરી અને મનોરંજન માટેના ખર્ચમાં પણ FY'24માં જોરદાર વૃદ્ધિ થઈ રહી છે. અહેવાલ મુજબ, નાણાકીય વર્ષ ૨૪માં ખર્ચ માટે ATM દ્વારા રોકડ ઉપાડમાં સૌથી વધુ વૃદ્ધિ ધરાવતા રાજ્યોમાં દિલ્હી, તમિલનાડુ, ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને કર્ણાટક છે.



# મે મહિનામાં યોજાનારી CA પરીક્ષાઓ મુલતવી રાખવાની અરજીને સુપ્રીમ કોર્ટે નકારી

### સુપ્રીમ કોર્ટે નોંધ્યું કે, લોકસભાની સામાન્ય ચૂંટણી ૭ અને ૧૩ મેના રોજ યોજાવાની છે અને ૬ મે અને ૧૨ મેના રોજ કોઈ પરીક્ષા નક્કી કરવામાં આવી નથી


નવી દિલ્હી તા.ર

સુપ્રીમ કોર્ટે સોમવાર, ૨૯ એપ્રિલલ્ લોકસભાની ચૂંટણીના કારણે મે મહિનામાં યોજાનારી ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA) પરીક્ષાના અમુક પેપર મોકૂફ રાખવાની માંગણી કરતી અરજી ઉપર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ અને જસ્ટિસ જેબી પારડીવાલા અને મનોજ મિશ્રાની બનેલી બેંચે જણાવ્યું હતું કે, ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI)એ ચૂંટણીની તારીખો ઉપર પરીક્ષા નક્કી કરી નથી. તેમાં નોંધ્યું છે કે, લોકસભાની સામાન્ય ચૂંટણી ૭ અને ૧૩ મેના રોજ યોજાવાની છે અને ૬ મે અને ૧૨ મેના રોજ કોઈ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું નથી. પરીક્ષાની તારીખમાં ફેરફાર કરવાથી પરીક્ષાના સંચાલન માટે પહેલાથી જ કરવામાં આવેલી વ્યાપક વ્યવસ્થામાં વિક્ષેપ પડશે અને તે ''કેટલાક વિદ્યાર્થીઓ માટે ગંભીર અન્યાય''માં પરિણમી શકે છે. પીઆઈએલને ધ્યાનમાં લેવાનો ઈનકાર કરતી વખતે સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે, પરીક્ષાનું સમયપત્રક ''નીતિના નિર્ણયો'' સાથે સંબંધિત છે. CJIએ કહ્યું, ''પરંતુ મતદાનના અધિકારના મહત્વને ધ્યાનમાં રાખીને અમે ઉમેદવારોની સ્થિતિની તપાસ કરી છે કે, જેઓ પરીક્ષા માટે હાજર રહેશે અને મતદાન કરવાની પણ જરૂર પડશે. ત્યાં ૫૯૧ કેન્દ્રો છે અને મતદાનની તારીખો ઉપર કોઈ પરીક્ષા નથી. આ તબક્કે જ્યારે ૪ લાખથી વધુ વિદ્યાર્થીઓ નોંધાયેલા છે, ત્યારે આ તબક્કે કોઈપણ રાહત ગંભીર પૂર્વગ્રહમાં પરિણમશે.'' ચાર્ટર્ડ એકાઉન્ટન્સી (CA)



પરીક્ષા ૨ મેથી શરૂ થવાની છે અને ૧૭ મે સુધી ચાલશે. અરજીમાં માંગ કરવામાં આવી હતી કે, ૮ અને ૧૪ મેના રોજ યોજાનારી પરીક્ષાઓને અન્ય તારીખો ઉપર મુલતવી રાખવામાં આવે. કારણ કે, કેટલાક રાજ્યોમાં ૭ અને ૧૩ મેના રોજ ચૂંટણીઓ યોજાવાની છે. દિલ્હી હાઈકોર્ટે ૮ એપ્રિલે બીજી અરજી ઉપર કાર્યવાહી કરતી વખતે CA પરીક્ષાઓ મુલતવી રાખવાનો ઈનકાર કર્યો હતો. હાઈકોર્ટે કહ્યું હતું કે, તેમને નવાઈ લાગે છે કે, તેની સમક્ષ આવી વિનંતી કરવામાં આવી હતી અને અરજીને ''નકામી'' ગણાવી હતી. ICAIનું પ્રતિનિધિત્વ કરતા વકીલે રજૂઆત કરી હતી કે, જૂનના બીજા સપ્તાહમાં પરીક્ષાનું પુર્નઃ નિર્ધારણ કરવાથી અગાઉથી કરી રાખવામાં આવેલ તૈયારીઓ અવ્યવસ્થિત થઈ જશે અને ઉમેર્યું હતું કે મતદાનની તારીખો ઉપર કોઈ પરીક્ષાઓ સુનિશ્ચિત ન થાય તે માટે યોગ્ય કાળજી લેવામાં આવી છે.

# બાબા રામદેવે કોવિડનો ઈલાજ કરવાના ખોટા દાવાઓ કરીને અને આધુનિક સારવારને 'મૂર્ખતા' ગણાવીને મર્યાદાનો ભંગ કર્યો છે : IMA પ્રમુખ




નવી દિલ્હી, તા.ર

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના પ્રમુખ ડો.આરવી અસોકને જણાવ્યું હતું કે, બાબા રામદેવે દાવો કર્યો હતો કે તેઓ કોવિડ-૧૯નો ઈલાજ કરી શકે છે અને તે જ સમયે આધુનિક દવાને "મૂર્ખતાનું વિજ્ઞાન" ગણાવીને બદનામ કર્યા હતા. ગયા મહિને ભ્રામક જાહેરાતોને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા રામદેવ અને તેમના કરોડો રૂપિયાના કન્ઝ્યુમર પતંજલિ આયુર્વેદને ઠપકો આપ્યા બાદ IMA દ્વારા આ પ્રથમ ટિપ્પણી કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલત IMAની ૨૦૨૨ની અરજી ઉપર સુનાવણી કરી રહી છે જેમાં કોવિડ રસીકરણ અભિયાન અને દવાઓની આધુનિક પ્રણાલીઓ વિરૂદ્ધ ઝુંબેશનો આક્ષેપ કરવામાં આવ્યો છે. કોર્ટે ગયા મહિને રામદેવ, તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણન અને પતંજલિઆયુર્વેદ લિમિટેડને ગેરમાર્ગે દોરતી જાહેરાતો ઉપરના આદેશોનું પાલન ન કરવા બદલ જાહેર માફી માંગવા જણાવ્યું હતું. અસોકને કહ્યું કે તે દુર્ભાગ્યપૂર્ણ છે કે સુપ્રીમ કોર્ટ IMA અને ખાનગી ડોક્ટરોની પ્રેક્ટિસની પણ ટીકા કરી છે. તે નિવેદનોએ ખાનગી ડોકટરોને નિરાશ કર્યા છે. અમે નિષ્ઠાપૂર્વક માનીએ છીએ કે તેઓએ તે જોવાની જરૂર છે કે તેમની સામગ્રી શું હતી. તેઓએ કદાચ ધ્યાનમાં લીધું ન હતું. હજુ પણ મોટાભાગના ડોકટરો પ્રામાણિક છે. નૈતિકતા અને સિદ્ધાંતો અનુસાર પ્રેક્ટિસ કરે છે. દેશના તબીબી વ્યવસાયની સામે વ્યાપક વલણ લેવું એ સુપ્રિમ કોર્ટ માટે યોગ્ય નથી લાગતું જેણે કોવિડમાં બલિદાન આપ્યું છે. સુનાવણી દરમ્યાન સર્વોચ્ચ અદાલતે પતંજલિની જાહેર માફી ઉપર પ્રશ્ન ઉઠાવ્યો હતો અને પૂછ્યું હતું કે શું તે કંપની દ્વારા તેના ઉત્પાદનો માટે પ્રકાશિત કરવામાં આવેલી જાહેરાતો જેટલી જ છે. રામદેવ અને તેમના સહયોગી આચાર્ય બાલકૃષ્ણ દ્વારા પ્રકાશિત માફી સાથે સંબંધિત મામલા ઉપર ૩૦ એપ્રિલે વિચારણા કરવામાં આવશે. અસોકને કહ્યું કે જ્યારે સરકાર રસીકરણ કાર્યક્રમ ચલાવી રહી હતી ત્યારે રામદેવે રાષ્ટ્રીય હિતની વિરૂધ્ધ વાત કરધ્ હતી. તેમણે કહ્યું હતું કે કોવિડ રસીના બે ડોઝ લીધા પછી ૨૦,૦૦૦ ડોકટરો મૃત્યુ પામ્યા હતા. તેમણે કોરોનિલ (પતંજલિ ટેબ્લેટ) વિશે જાહેરાત કરી અને કહ્યું કે ડબ્લ્યુએચઓએ તેને મંજૂરી આપી છે જે ખોટું નિવેદન હતું. તેમણે કહ્યું કે IMA પાસે એક મજબૂત નેતૃત્વ છે જે તબીબી વ્યવસાય અને એસોસિએશને જે પગલાં લેવા જોઈએ તેના વિશે વિચારે છે. આ નિર્ણય વરિષ્ઠ સભ્ય ડો. કેતન દેસાઈની આગેવાની હેઠળની આંતરિક બેઠકમાં લેવામાં આવ્યો હતો અને તે સમયના ભૂતપૂર્વ પ્રમુખો અને વર્તમાન અધિકારીઓએ હાજરી આપી હતી. આઈએમએનો ઈતિહાસ એ છે કે અમારો જન્મ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાંથી થયો છે. અમે આઝાદી પહેલાના કોગ્રેસ ચળવળનો ભાગ છીએ. આજે પણ અમારી કોન્ફરન્સ એ જ તારીખે યોજાય છે, જે ૨૭ ડિસેમ્બર, કોગ્રેસની તારીખ હતી. અસોકને કહ્યું કે IMA પરંપરાગત દવાઓની પ્રણાલીની વિરૂદ્ધ નથી. અમે આ બધા દાયકાઓથી સાથે કામ કરીએ છીએ. અમે એકબીજાનો આદર કરીએ છીએ. પરંતુ કોઈક રીતે સમાજના કેટલાક વર્ગોએ વિચાર્યું કે અમે પરંપરાગત સિસ્ટમોના વિરોધી છીએ. મને લાગે છે કે કોર્ટે તેનો અંતિમ ચુકાદો આપ્યો નથી. અમારે રાહ જોવાની જરૂર છે. અમે સંતુષ્ટ છીએ કે નહીં તે ચુકાદા ઉપર નિર્ભર રહેશે. અશોકનના જણાવ્યા અનુસાર, IMA તેના સભ્યોને નૈતિકતા અને સિદ્ધાંતો અને પરિવર્તનની રીત વિશે સતત માહિતી આપી રહી છે. IMAની સ્થાપના ૧૯૨૮માં ઓલ ઈન્ડિયા મેડિકલ એસોસિએશન તરીકે કરવામાં આવી હતી અને ૧૯૩૦માં તેનું નામ બદલીને ઈન્ડિયન મેડિકલ એસોસિએશન રાખવામાં આવ્યું હતું. તે ૨૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ૧,૮૦૦ સ્થાનિક શાખાઓમાં લગભગ ૩,૮૫,૦૦૦ સભ્ય ડોક્ટરો ધરાવે છે.

# ભાજપની ૨૦૧૪માં ૨૭૨ સીટો આવી તો પેટ્રોલના ભાવ વધ્યા, ૪૦૦ સીટને પાર જશે તો શું થશે ??

## ૧૦ વર્ષમાં ભાજપે કોઈ કામ નથી કર્યું, રિપોર્ટ કાર્ડમાં શું બતાવે એટલે માત્ર વિવાદ કરી રહ્યા છે

અમદાવાદ, તા.ર

લોકસભાની ચૂંટણી નજીક આવી છે ત્યારે પક્ષ અને અપક્ષ દ્વારા પ્રચારનો ધમધમાટ શરૂ થયો છે ત્યારે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા કોંગ્રેના રાષ્ટ્રીય નેતા પવન ખેરાએ ભાજપને આડે હાથલીધી હતી. તેમણે પ્રશ્ન કર્યો હતો કે અત્યારે કાયદો ભાજપ અને કોંગ્રેસ માટે અલગ અલગ કેમ કામ કરે છે ? રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત પત્રકાર પરિષદને સંબોધન કરતા કોંગ્રેસના મીડિયા અને પબ્લિસીટી ડિપાર્ટમેન્ટના ચેરમેન પવન ખેરાએ જણાવ્યું હતું કે ગુજરાત ન્યાયની લડાઈમાં હંમેશા આગળ રહ્યું. ગુજરાતને અહંકાર તોડતા આવડે છે. કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય નેતા રાહુલ ગાંધી ભારત યાત્રાની પ્રેરણા ગુજરાતથી લીધી. યુવાનો, ખેડૂત, મહિલાઓ, આદિવાસી સમાજને સમજવાએ નેતાનો ગુણ હોય છે. લોકો સાથે સંવાદ બાદ કોંગ્રેસ પક્ષ દ્વારા ન્યાયપત્ર બહાર પાડવામાં આવ્યું. ૧૦ વર્ષ સત્તાનો રિપોર્ટ કાર્ડ આપવાની જગ્યાએ વિવાદ કરી રહ્યા છે.



ભાજપે કામ નથી કર્યું, રિપોર્ટ કાર્ડના નામે કશું જ નથી 'ભાજપ માટે પરસોત્તમ રૂપાલા એક સમાજથી મોટા થઈ ગયા છે'. સાહેબને ખબર પડી છે કે હવે ચૂંટણી જીતવી મુશ્કેલ છે. જનતાની અંદર ખુબ આક્રોશ છે ભાજપ લોકોમાં ડર પેદા કરી રહી છે. દેશમાં દર એક કલાકમાં ૨ યુવાનો આત્મહત્યા કરી રહ્યા છે. એક દિવસમાં ૩૦ ખેડૂત આત્મહત્યા કરી રહ્યા છે. દર એક કલાકમાં ૪ મહિલાઓ સાથે બળાત્કાર થાય છે. મહિલા સન્માન અને મહિલા સશક્તિકરણની વાતો કરતી ભાજપના સાથી પક્ષના નેતાઓ ઉપર ગંભીર આરોપો લાગી રહ્યા છે. ડિસેમ્બર ૨૦૨૩માં ભાજપના નેતાઓએ અમિત શાહને પત્ર લખીને પાર્ટી સાથે ગઠબંધન નકરવા કહ્યું હતું તેમ છતાં મોદીઅમિત શાહ દ્વારા ગઠબંધન કરવામાં આવ્યું અને દુષ્કર્મના આરોપી માટે પ્રચાર પણ કર્યો. શું મોદીને હજારો મહિલાઓ ઉપર દુષ્કર્મની જાણકારી હતી? જો હા તો ખબર હોવા છતાં કેમ એક મંચ ઉપર બેઠા? અને ખબર ન હતી તો આટલું વિશ્વનું સૌથી મોટું દુષ્કર્મ રેકેટ કેવી રીતે થઈ ગયું ? વર્ષ ૨૦૧૪માં ૨૭૨સીટો આવી તો પેટ્રોલના ભાવ વધ્યા, હવે ૪૦૦ પારની વાત કરે છે તો ભાવ ક્યાં જઈને પહોંચશે. હવે ૪૦૦ બેઠક આપો તો બંધારણ બદલવાની વાત કરે છે. બંધારણ ઉપર સંકટ આવ્યું તો બધા જેલમાં હશે. ડીપ-ફેક વીડિયો અંગે અમિતશાહ નિવેદન આપે છે પરતું કાનૂની કાર્યવાહી કરો, એનાથી કોણ રોકી રહ્યું છે ? રાહુલ ગાંધીના ખોટા વીડિયાસોશિયલ મિડિયા ઉપર મુકનાર કેબિનેટ મંત્રીઓ સામે પણ કાર્યવાહી ક્યારે થશે ? રાહુલ ગાંધીના વીડિયોને વારંવાર તોડી મરોડી રજૂ કરવામાં આવે છે એનું શું કરશો ? ન્યાયની બંને આંખો ખુલ્લી અથવા તો બંધ હોય, આપણે અંધકાનૂનસાંભળ્યું છે, અત્યારે કાણા કાનૂન જેવી સ્થિતિ છે કાયદો ભાજપ અને કોંગ્રેસ માટે અલગ અલગ કેમ કામ કરે છે ?

# શ્રી ગાયત્રી શક્તિપીઠ મંદિર જૂનાગઢ ખાતે ૧૭૫ શ્રીમદ ભાગવત સપ્તાહનો પ્રારંભ





જૂનાગઢ, તા.૨

શ્રી ગાયત્રી પરિવાર, સત્યમ સેવા યુવક મંડળ ટ્રસ્ટ, શ્રી શક્તિ ચેરીટેબલ ટ્રસ્ટ તથા શ્રીજી લોકસેવા ફાઉ. દ્વારા આયોજિત ૧૭૫ શ્રીમદ ભાગવત કથા નિઃશુલ્ક સેવા યજ્ઞનો પ્રારંભ કરવામાં આવ્યો છે.

વેદ માતા ગાયત્રી માતાની કૃપાથી, બ્રહ્મનિષ્ઠ તપોમૂર્તિ, પરમ પૂજ્ય રામશર્મા આચાર્યજીના આશીર્વાદથી સિદ્ધક્ષેત્ર ગિરનારની ગોદમાં શ્રી મહાકાલેશ્વર મહાદેવના મુખ્ય યજમાન પદે જનતા જનાર્દનના દિવંગત પિતૃઓના મોક્ષ- આત્મશાંતિ અર્થે ભાગવત સપ્તાહનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી ગાયત્રી શક્તિપીઠ મંદિર ગિરનાર રોડ, જુનાગઢ ખાતે તા. ૧/૫/૨૦૨૪ થી ૭/૫/૨૦૨૪ યોજાઈ રહેલ છે. કથા સમય સવારના ૮ થી ૧૨:૩૦ રાખવામાં આવેલ છે. જૂનાગઢની ધર્મપ્રેમી જનતાને આ ધાર્મિક પ્રસંગમાં ઉપસ્થિત રહેવા માટે નાગભાઈ વાળા, મનસુખભાઈ વાજા, આશિષભાઈ રાવલ, તથા અમુભાઈ પાનસુરીયા દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવેલ છે. આ અભિનવ સર્વ પિતૃ મુક્તિ ભાગવત કથામૃત નું પાન કરાવવા અર્થે વ્યાસપીઠ પર શ્રી રવિભાઈ દવે (મોણપરિ વાળા ) બિરાજમાન છે અને આગવી શૈલીમાં કથાનું પાન કરાવી રહ્યા છે.

## ગીર કેસર કેરીનું હબ -પાટનગર

# તાલાળા મેંગો માર્કેટીંગ યાર્ડમાં કેસર કેરીના વેચાણનો થયો પ્રારંભ

## પ્રથમ દિવસે ૫૭૬૦ કેસર કેરીના બોકસની આવક થઈ






(પ્રતિનિધિ દ્વારા) પ્રભાસ પાટણ તા. ૨

મધમીઠી સ્વાદ અને સુગંધનો સમગ્રાટ એવી ગીરની કેસર કેરીથી વિશ્વની બજારોમાં ડંકો વગાડનાર એવા તાલાળા મેંગો માર્કેટીંગ યાર્ડમાં ગઈકાલે તા.૧-૫-૨૪ થી કેસર કેરીનો પ્રારંભ થયો છે. પ્રથમ દિવસે ૧૦ કિલોના કુલ ૫૭૬૦ બોકસની આવક થઈ હતી જેના સૌથી ઉંચા ભાવ રૂા.૧૩૫૦ અને નીચા ભાવ રૂા.૬૨૫ રહયા હતા. અને સરેરાશ ભાવ રૂા.૯૫૦ રહયો હતો. તાલાળા માર્કેટીંગ યાર્ડના ચેરમેન સંજય શીંગાળા તથા સેક્રેટરી રમેશભાઈના સુપેરે આયોજનથી આ માર્કેટીંગ યાર્ડ પરત્વે ગુજરાત અન્ય રાજયો તેમજ વિદેશ કેરી મોકલતા તથા ઘર તેમજ બજારોમાં કેરી વેંચતા-ખરીદતા લોકોમાં અનેરૂં આકર્ષણ રહેલ છે.

# ઉનાને લાંબા અંતરની ટ્રેન તેમજ આધુનિક રેલ્વે સ્ટેશન, બ્રોડગેજની સુવિધા આપવા રજૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

ઉના, તા.૨

ઉના અને ગીરગઢડા તાલુકામાં ત્રણ લાખથી વધુ વસ્તી ધરાવતો તાલુકો છે. ઉના તાલુકામાં એક પણ ઉદ્યોગ નથી ભારત આઝાદ થયું તે પહેલાનું ઉનાનું રેલ્વે સ્ટેશન છે. આઝાદીના ૭૬ વરસ થયા છતાં રેલ્વે સ્ટેશનમાં સુવિધા વધવાને બદલે ઘટી છે. હાલ ઉનાનું રેલ્વે સ્ટેશન ફ્લેગ સ્ટેશન છે. અહીથી સવારે વેરાવળ જવા અને બપોરે જૂનાગઢ જવા માટે લોકલ મીટર ગેજ લાઈન ઉપર ટ્રેન ચાલે છે. હાલ રેલ્વે સ્ટેશનની સુવિધા વધારવા અને ગેજ પરિવર્તન કરી બ્રોડગેજ લાઈન કરવા અને લાંબા અંતરની સુરત અને મુંબઇ જવા ટ્રેનની સુવિધા આપવા ઉનાના અખિલ ભારતીય કોળી







સમાજના આગેવાન રસિકભાઈ ચાવડાએ ભારતના પ્રધાન મંત્રી નરેન્દ્રભાઈ મોદી અને રેલવે મંત્રાલય દિલ્હી, પશ્ચિમ રેલ્વેની કચેરી મુંબઈ અને ભાવનગર ડી. આર.એમ. કચેરી ભાવનગરને પત્ર લખી ઉનાની પ્રાંત કચેરી મારફત રજૂઆત કરી છે કે, હાલ ઉનાનાં રેલ્વે સ્ટેશનમાં લોકોને બેસવા બાકડાઓ તૂટી ગયા છે. ઓટા ઉપરના છાપરાઓ ઉડી ગયા છે. પીવાના પાણીની સુવિધા નથી, શોચલાયમાં ઝાડી ઝાંખરા ઉગી ગયા છે અને ભંગાર હાલતમાં છે, વાવાઝોડા સમય રેલ્વે સ્ટેશન ઉપર વૃક્ષો પડી ગયા છે તે પણ ખસેડાયા નથી, મુસાફરોને ખુબ મુશ્કેલી પડે છે. રેલ્વેનું આધુનિકરણ, પ્રાથમિક સુવિધા વધારવી બ્રોડગેજ લાઈન શરૂ કરવા માંગણી કરી છે.

ઉનાથી જિલ્લા મથક ગીર સોમનાથ અને જૂનાગઢ જવા માટે આ ટ્રેનો લોકોને સસ્તી અને સલામત મુસાફરી છે. ભારત દેશ આઝાદ થયો તેને ૭૬ વરસ થવા છતાં આ વિસ્તારના સાંસદ અને ધારાસભ્યોની નિષ્કાળજીને કારણે ઉનાને બ્રોડગેજ રેલ્વે લાઈન મળી નથી. જો બ્રોડગેજ લાઈન થઈ જાય તો ઉનાને પ્રવાસન ક્ષેત્રે વિકાસ થાય, દીવ, તુલશીશ્યામ નજીક છે અને ઉના તાલુકાના સીમર, સૈયદ રાજપરા, નવાબંદર દરિયા કિનારે મત્સ્ય ઉદ્યોગ મોટા પાયે છે જે મચ્છી પરિવહન કરવા બ્રોડગેજ લાઈન ઉપોયોગી થાય તેમ છે. અગાઉ થોડા મહિનાઓ પહેલા અખબારો મા આવેલ કે રેલ્વે તંત્ર દ્વારા કોસ્ટલ રેલ્વે બ્રોડગેજ લાઈન પીપાવાવથી દરિયા કિનારે ઉના તાલુકાના સીમર સુધી લંબાવી શરૂ કરવા સર્વે કરશે. ખરે ખર જો દરિયા કિનારે જો રેલ્વે લાઈન નખાઈ જાય તો માત્ર ૪૦ થી ૫૦ કિ.મી.નું કામ છે ઓછા ખર્ચે બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળી શકે પણ વાત મૃગ જળ સમાન બની ગઈ છે. શું વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી આ વિસ્તારની જનતાને બ્રોડગેજ રેલ્વે લાઈન બનાવવાની ગેરંટી આપશે ખરા કે પછી ચૂંટણી ગઈ વાત વિસરાઈ ગઈ જેવું થશે.

## જૂનાગઢમાં હયુમાનીટી ફર્સ્ટ એનજીઓ દ્વારા છાશનું વિતરણ




જૂનાગઢ તા. ૨ : વધતી જતી કાળઝાળ ગરમીના કારણે લોક ત્રાહિમામ પોકારી ગયા છે. ત્યારે ગરમીથી રાહત મેળવવા માટે ઠંડાપીણા પર જ લોકો વધારે ધ્યાન આપી રહયા હોય ત્યારે જૂનાગઢના યુવાનો દ્વારા ચલાવવામાં આવતું હયુમાનીટી ફર્સ્ટ એનજીઓ દ્વારા જૂનાગઢ સિવીલ હોસ્પિટલ ખાતે છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# જૂનાગઢમાં કામદાર એકતા માંગણી દિવસે ૧૫ વિવિધ માંગણીઓ સબબ આવેદનપત્ર અપાયું





જૂનાગઢ તા. ૨

ગઈકાલે ૧૫ મી મે ના રોજ કામદાર એકતા માંગણી દિવસે જૂનાગઢ કલેકટર કચેરીએ ખેડુતો, ખેતમજુરો, યુવાનો, આમ જનતાના વિવિધ પ્રશ્નો અંગે એક આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ગુજરાતના મુખ્યમંત્રી તેમજ વડાપ્રધાનશ્રીને પાઠવાયેલા આવેદનપત્રમાં જણાવેલ છે કે, તમામને ઓછામાં ઓછું લઘુતમ વેતન રૂા.૨૬૦૦૦ આપવા તેમજ કાયમી પ્રકારના કામ પર કોન્ટ્રાકટ પ્રથા બંધ કરવા, ઓછામાં ઓછું રૂા.૧૦,૦૦૦ પેન્શન આપવા, ટેકાના ભાવનો દર ૫૦ ટકા નો બનાવવા તથા ટેકાના ભાવથી ખરીદીની ગેરેન્ટી આપવા, તમામ ગરીબ, મધ્યમ ખેડુત, મઝદુરનું એક વખત કેન્દ્ર સરકાર દેવું માફ કરે અને ૬૦ વર્ષે પેન્શનની જોગવાઈ કરે તેવી માંગણી કરવામાં આવી છે.

વધુમાં મઝદુર વિરોધી ચાર લેબર કોડ રદ કરવા, મહત્મા ગાંધી ગ્રામીણ રોજગાર બાહેંધરી કાયદા તળે રૂા.૬૦૦ ના દરથી ૨૦૦ દિવસ રોજગાર આપવા માંગ તેમજ જાહેર સાહસોનું તથા સેવાઓનું ખાનગીકરણ બંધ કરવા માંગણી કરી છે. શહેરી વિસ્તારમાં ગ્રામીણ રોજગાર બાંહેધરી દાખલ કરવા, મોંઘવારી પર કાબુ લાવવા, ખાદ્ય સામગ્રી ઉપરનો જીએસટી દર રદ કરવા, પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, રાંધણ ગેસ ઉપરનો કેન્દ્ર સરકારનો વેરો ઓછા કરવા સહિતની કુલ ૧૫ માંગણીઓ આ આવદનપત્રમાં કરવામાં આવી છે. આ તકે બટુકભાઈ મકવાણા, એડવોકેટ જીશાન હાલેપોત્રા, આયશાબેન કાઠી, નિલોફરબેન સુમરા, ફિરોઝ શેખ, મનોજભા ભટ્ટ, મેરામણભાઈ ઓડેદરા, કે.ડી. સગારકા, બશીરૂદીન અન્સારી, દિપકભાઈ દવે, દેવાભાઈ જંજુવાડીયા, કે.બી. પરમાર, ઉમરભાઈ હાલેપોત્રા, ગુલામખા લખમણભાઈ પરમાર, સમજુભાઈ સોલંકી, કુરજીભાઈ મકવાણા, વાહીદ અજીત લાખાણી, અરજણભાઈ દેત્રોજા, આર.એમ. સત્તા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.

# દેવભૂમિ દ્વારકા જીલ્લામાં પ્રથમ દિવસે ૪૩૨ કર્મચારીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન

જામ ખંભાળિયા, તા. ૨

લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે આગામી તા. ૭ મે ના રોજ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન થનાર છે. ત્યારે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ચૂંટણી ફરજમાં રોકાયેલા અધિકારીઓ અને કર્મચારીઓ મતદાન પ્રક્રિયાથી વંચિત ન રહે તે અર્થે પોસ્ટલ બેલેટ દ્વારા મતદાન કરવામાં આવી રહ્યું છે. ત્યારે મંગળવારે પ્રથમ દિવસે જામનગર સંસદીય મતવિસ્તારમાં સમાવિષ્ટ દેવભૂમિ





દ્વારકા જિલ્લાના ખંભાળિયા અને દ્વારકા વિધાનસભા મતવિસ્તારમાં ચૂંટણી ફરજ પર રોકાયેલા અધિકારીઓ કર્મચારીઓ સહિત કુલ ૪૩૨ અધિકારીઓ- કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કરીને લોકતંત્રના આ મહાપર્વની ઉજવણીમાં પોતાની સહભાગીતા નોંધાવી હતી જેમાં ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ જામનગર મતવિસ્તાર વિભાગમાં ખંભાળિયા મતવિસ્તારમાં ચૂંટણી ફરજ પર રોકાયેલા કુલ ૨૨૬ અને દ્વારકા વિધાનસભામાં ચૂંટણી ફરજ પર રોકાયેલા કુલ ૨૦૬ જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ પ્રથમ દિવસે પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું.

# સૌરાષ્ટ્રનો સમુદ્ર માછલીના બદલે ડ્રગ્સનું ઉત્પાદન કરે છે ?

(પ્રતિનિધિ દ્વારા)

દ્વારકા તા. ૨

સૌરાષ્ટ્ર ના સાગરકાંઠે લેન્ડિંગ કરવા આવેલ કુલ્લ રૂપિયા ૮૭૩ કરોડનો અલગ અલગ પ્રકારનો ડ્રગ્સનો જથ્થો છેલ્લા ત્રણ દિવસ માં અલગ અલગ મચ્છીમારી બોટમાંથી તંત્ર દ્વારા પકડી પાડવામાં આવ્યા બાદ આ ડ્રગ્સ ની હેરાફેરીમાં રાજ્ય બહાર ની ડ્રગ્સ પેન્ડલર ગેંગની વિગતો બહાર આવેલ હોય તેમ રાજ્ય બહાર ના અલગ અલગ સ્થળો પરથી આંતરરાષ્ટ્રીય ડ્રગ્સની ગેંગના આ સ્થાનિક સ્લીપર સેલ ના પેન્ડલરોને પકડી પાડતાં છેલ્લા એક વર્ષ દરમિયાન સૌરાષ્ટ્રના સમુદ્ર માંથી જેટલી કિંમત નો ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. તેટલી કિંમતનો માછલીનો જથ્થો મળ્યો નથી જે દર્શાવે છે કે હવે સૌરાષ્ટ્રના સમુદ્રમાં માછલી ના બદલે ડ્રગ્સનું ઉત્પાદન થઈ રહ્યાનું આશ્ચર્ય સાથે નકારી શકાતું નથી.

સૌરાષ્ટ્ર ડ્રગ્સ ની હેરાફેરીનું હબ બનવા પાછળના મૂળ કારણમાં રાજ્યમાં વર્ષ ૨૦૦૮થી અમલી બનેલા મતસોધોગ એક્ટ ૨૦૦૩ જવાબદાર છે કારણ કે આ એક્ટની અમલવારી પહેલા કેન્દ્રીય સિક્યુરિટી યુનિફોર્મ એજન્સી કસ્ટમ એન્ડ સેન્ટ્રલ એકસાઈઝ ખાતા દ્વારા રાજ્ય માં ચાલતી મચ્છીમારી બોટોને મંજૂરી,ચેકીંગ, ટ્રેકિંગ કરવાના અધિકારો હોય દરેક મચ્છીમારી બોટ ની દરેક મૂવમેન્ટ ની જાણકારી આ કેન્દ્રીય એજન્સીઓને આપ્યા બાદ થતી હોય અને કસ્ટમ ખાતાની ખુદ ની પેટ્રોલિંગ બોટ રાજ્ય ના અલગ અલગ બંદર પરથી રાઉન્ડ ધ કલોક પેટ્રોલિંગ કરતી હોય સમગ્ર રાજ્યનો સમુદ્ર કિનારો અને ખાસ સૌરાષ્ટ્રનો કસ્ટમ,નેવી, કોસ્ટગાર્ડ ના સતત પેટ્રોલિંગના કારણે દેશદ્રોહી તત્વો માટે ની ચેક પોસ્ટ જેમ કાર્યરત હતી. પરંતુ રાજ્ય માં મત્સોધોગ એક્ટ ૨૦૦૩ ની અમલવારી બાદ હવે રાજ્ય ની આજ મચ્છીમારી બોટો ને મંજૂરી આપવાથી લઈ ને સમગ્ર કામગીરી રાજ્ય મત્સોધોગ્ ખાતા હસ્તક આવી જતા અને ટાંચા સાધનો અને ઓછા સ્ટાફ ના કારણે દેશદ્રોહી તત્વો માટે સૌરાષ્ટ્ર નો સમુદ્ર સ્વર્ગ સમાન બનતા આંતરરાટ્રીય ગુન્હેગારોનો પગ પેસરો ચાલુ થયો. જેના માટે ખુદ તંત્ર જ જવાબદાર હોવાનું નકારી શકાતું નથી.

**પાકિસ્તાન દ્વારા મચ્છીમારી બોટોને પકડવા પાછળ નું રહસ્ય?**

પાકિસ્તાન મેરી ટાઈમ એજન્સી દ્વારા વર્ષ ૧૯૯૦ થી કચ્છ ના અખાત માં વિકસેલા મચ્છીમારી ના વ્યવસાય બાદ ભારત પાકિસ્તાન ની જળસીમા આઈ.બી.એલ.આંતરરાષ્ટ્રીય બોર્ડર લાઈન પર મચ્છીમારી કરતા આપણા મરછિમારો ને પકડી તેમની પાસે નાની મોટી બિન અધિકૃત વસ્તુઓ ની હેરાફેરી આર્થિક લાલચ આપી કરવા અન્યથા પાકિસ્તાન ની જેલ માં બંદીવાન બનાવવાની ધમકી આપી સૌરાષ્ટ્ર ના સમુદ્ર કિનારે રહેતા આપણા મચ્છીમારો ના સ્લીપર સેલ ને સક્રિય કરી સૌરાષ્ટ્ર ને આંતરરાષ્ટ્રીય દેશદ્રોહી પ્રવૃત્તિ નું કેન્દ્ર બનાવેલ.જે આજ આંતરરાટ્રીય ગુન્હેગારો નું હબ બની ગયું છે.

**રાજ્ય બહારની મચ્છીમારી બોટોને મચ્છીમારીની મનાઈ પણ મરછીમારોને નહીં!**

રાજ્યમાં માત્સોધોગ એક્ટ ૨૦૦૩ ના અમલીકરણ બાદ રાજયમાં રાજય ના મત્સ્યોદ્યોગ ખાતા માં રજીસ્ટર થયેલ મચ્છીમારી બોટો સિવાય ના અન્ય રાજ્ય ની કોઈપણ બોટ ને મચ્છીમારી કરવા પર પ્રતિબંધ છે. પણ આજ બોટમાં નોકરી કરવા માટે રાજ્ય બહારથી આવતા ખલાસીઓ કે અન્ય વ્યવસાયિકોને માટે કોઈ પ્રતિબંધ નથી.!

આજ પ્રતિબંના હોવાના કારણે રાજ્ય બહારના હજારો મરછીમારો અને વ્યવસાયિકો આજ છેલ્લા ૨૫ વર્ષથી રાજ્યમાં પડ્યા પાથર્યા પડ્યા છે અને તે કોણ છે? ક્યાંના છે? શું કરે છે?ક્યાં રહે છે? તેની કોઈ સાચી વિગત રાજ્ય ના કોઈ વિભાગ પાસે ઉપલબ્ધ નથી તે સત્ય હકીકત ખુદ તંત્ર જાણે છે. પરંતુ આ જવાબદારી કોની? મત્સોધ્યોગ ખાતાની કે પોલીસની કે તેમના આસપાસ ફરતા કે રહેનારાની છે તે કોણ નક્કી કરે તે અંહીમોટો પ્રશ્ન છે? રાજ્ય માં કોઈ રાજ્ય બહારની વ્યક્તિ ને મકાન ભાડે આપતા કે તેમને નોકરી વ્યવસાય માં રાખતા પહેલા સ્થાનિક પોલીસ સ્ટેશન માં જાણ કરવાનો નિયમ અમલી છે.પરંતુ કેટલો થાય છે તે સર્વે જાણે જ છે? હકીકતમાં આ નિયમના મૂળમાં દેશમાં એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં સ્થળાંતરિત થતી વ્યક્તિની સ્થાનિક પોલીસને જાણકારી રહે તે માટે દરેક આવી વ્યક્તિની વિગત ફોર્મ "બી" રોલમાં ભરી પોતાની જેતે વ્યક્તિના દર્શાવેલ સ્થળના પોલીસ સ્ટેશન પરથી તે વ્યક્તિના રેકર્ડ ની માહિતી રાખવાનો બંધારણીય નિયમ છે. રાજ્ય બહારના માચ્છીમારો કે તેમની સાથે સંકળાયેલ વ્યક્તિઓનો કોઈ રેકર્ડ પણ તંત્ર પાસે નથી. પોલીસ પાસે અન્ય રાજ્ય ની અજાણી વ્યક્તિનો રેકર્ડ રાખવાની જવાબદારી બંધારણીય રૂએ સોંપાયેલ છે. ત્યારે રાજ્યમાં મચ્છીમારી વ્યવસાય માં જોડાયેલા હજારો અન્ય રાજ્ય ના માછીમારો કે તેને સંગ્લન વ્યવસાયિકોના કોઈ ફોર્મ "બી" રોલનો કોઈ રેકર્ડ જ નથી?

જે દર્શાવે છે કે આ રાજ્ય બહારના માછીમારો હકીકતમાં મરછીમાર છે કે પછી જે તે વિસ્તારના સ્થાનિક ગુન્હેગારો અને તેમાંથી બનેલા આંતરરાષ્ટ્રીય દેશદ્રોહી તત્વો ના સ્લીપર સેલ મેમ્બર્સ તે ખુદ સરકારની આવડી મોટી પોલીસ ફૌજ અને તેની અલગ અલગ બ્રાન્ચના ધ્યાન પરના હોવાનું નકારી શકાતું નથી.

ડ્રગ્સ ના પકડાયેલ છેલ્લા બે ગુન્હા માં પકડાયેલ ભારતીયો માં સ્થાનિક ગુન્હેગારો ફકત કિનારા પર થી પકડાયા છે.પણ બોટ દ્વારા હેરાફેરી કરતા કે તેની ડિલિવરી લેવા આવેલા ગુન્હેગારો તો અન્ય રાજ્ય ના પકડાયા છે.જે ઉપરોક્ત હકીકત ને સમર્થન આપે છે.

ત્યારે હવે રાજ્ય ના યુવાધન ને ઉડતા ઘોડા બનાવતા ડ્રગ્સ ની હેરાફેરી કરતી આંતરરાષ્ટ્રીય માફિયા ગેંગ દ્વારા સૌરાષ્ટ્ર ને બનાવેલ "ડ્રગ્સ હબ" ને નેસ્ત નાબૂદ કરવા ફકત મચ્છીમારી બોટ ના થતા દુરુપયોગ ને અટકાવવા "એ.આઇ.એસ." સમુદ્રી જહાજો માં પોતાની ઓળખ સેટેલાઈટ દ્વારા જે તે તંત્ર ને આપવા માટે લગાવતા "ઓટો આઈડેન્ટી સિસ્ટમ" લગાવવાનું ફરજિયાત કરવાની જરૂરિયાત હોવાનું પણ નકારી શકાતું નથી.

# ખંભાળિયા પંથકમાં ડ્રગ્સ સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલા બે શખ્સોને દબોચી લેવાયા

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયા તાલુકાના નાના એવા સલાયા ગામે ડ્રગ્સ, ચોરી તેમજ મારામારી અને જીવલેણ હુમલા સહિતના જુદા જુદા દોઢ ડઝન જેટલા ગુનાઓમાં સંડોવાયેલા બે મુસ્લિમ શખ્સોને જિલ્લા એસ.ઓ.જી. પોલીસે દબોચી લીધા હતા.

આ સમગ્ર પ્રકરણની પોલીસ સૂત્રો દ્વારા જાહેર કરવામાં આવેલી વિગત મુજબ ખંભાળિયા તાલુકાના સલાયા ગામે રહેતા અને ખાનગી કંપનીના સિક્યુરિટી વિભાગમાં નોકરી કરતા અક્રમ રજાક ઈશા સંઘારને પોલીસે અગાઉ આઠ કિલો માદક પદાર્થ (ગાંજો) સાથે ઝડપી લઈ, એન.ડી.પી.એસ. એક્ટ હેઠળ ગુનો નોંધ્યો હતો. હાલની પરિસ્થિતિમાં જિલ્લા એસ.ઓ.જી. પોલીસ દ્વારા ઈન્ચાર્જ પી.આઈ. પી.સી. સિંગરખીયાના માર્ગદર્શન આ વિભાગની જુદી જુદી ટીમ બનાવીને નાસતા ફરતા આરોપીઓ અંગે હાથ ધરવામાં આવેલી કાર્યવાહી અંતર્ગત ગત સપ્તાહમાં એસ.ઓ.જી.ના એ.એસ.આઈ. રાજભા જાડેજા, હેડ કોન્સ્ટેબલ કિશોરસિંહ જાડેજા, કરણભાઈ સોંદરવા, સલાયા મરીન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ ઓમદેવસિંહ જાડેજા, ભીખાભાઈ વસરા, વિપુલભાઈ ડાંગરને પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે એન.ડી.પી.એસ. એક્ટના ગુનાના ફરારી આરોપી એવા રિઝવાન રજાક સંઘાર (રહે. સલાયા) ને કચ્છના હાજીપીર તરફ જાય તે પૂર્વે ખંભાળિયા-જામનગર માર્ગ પર આરાધના ધામ પાસેથી મોટરસાયકલ પર નીકળતા ઝડપી લીધો હતો.

જેની વિધિવત રીતે અટકાયત કરી, તેનો કબજો સલાયા મરીન પોલીસને સોંપવામાં આવ્યો હતો. આ ઉપરાંત અન્ય એક ફરારી આરોપી એવો સલાયાનો એજાજ રજાક સંઘાર કે જે છેલ્લા કેટલાક સમયથી કચ્છના હાજીપીર વિસ્તારના હોવા અંગેની માહિતીના આધારે એસ.ઓ.જી. પોલીસે ઉપરોક્ત શખ્સને કચ્છના હાજીપીર ખાતેથી ગત તારીખ ૩૦ એપ્રિલના રોજ ઝડપી લઈ અને આગળની તપાસ અર્થે ઉપરોક્ત શખ્સનો કબજો સલાયાના વી.એન. સીંગરખીયાને સોંપવામાં આવ્યો છે.

વધુમાં જાહેર થયેલી વિગત મુજબ ઉપરોક્ત આરોપીઓ સલાયા ખાતે રહેતા નગરજનોમાં ધાક બેસાડવા માટે અવારનવાર વિવિધ પ્રકારે સ્થાનિક રહીશોને ધમકીઓ આપતા હતા. જો કોઈ તેનો વિરોધ કરે તો તેઓ ઉપર હુમલો કરતા હતા. આ ઉપરાંત ઘર ખર્ચ તેમજ અન્ય મોજ મજા માટે તેઓ ચોરી તેમજ માદક પદાર્થોની હેરાફેરી તથા વેચાણ કરતા હોવાથી આ શખ્સોને ત્રાસથી લોકો ત્રાહિમામ પોકારી ગયા હતા.

આવા ત્રાસથી સ્થાનિક લોકો પોલીસ સમક્ષ ફરિયાદ કરવાનું પણ ટાળતા હતા. પોલીસને મળેલી ખાનગી વિગતોને ધ્યાને લઈ અને ઉપરોક્ત શખ્સો સામે કડક હાથે કાર્યવાહી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

ઝડપાયેલા આરોપીઓ સામે અગાઉ સલાયા ઉપરાંત ખંભાળિયા, જામનગર વિગેરે પોલીસ મથકમાં માદક પદાર્થોની હેરાફેરી, જીવલેણ હુમલા, મારામારી, જાનથી મારી નાખવાની ધમકી, સહિતની જુદી જુદી ગંભીર કલમ હેઠળ ૧૭ જેટલા ગુનાઓ નોંધાયા છે. આવા ગુનાઓ આચરીને નાસી છૂટેલા આરોપીઓને ઝડપી લેવા માટે એસ.ઓ.જી. તથા સલાયા મરીન પોલીસને સફળતા મળી છે.

આ સમગ્ર કાર્યવાહી એસ.ઓ.જી.ના ઈન્ચાર્જ પી.આઈ. પ્રશાંત સિંગરખીયા, સલાયા પોલીસ મથકના ઈન્ચાર્જ પી.આઈ. વિપુલ સિંગરખીયા, એ.એસ.આઈ. રાજેન્દ્રસિંહ જાડેજા, હરપાલસિંહ જાડેજા, ઓમદેવસિંહ જાડેજા, કિશોરસિંહ જાડેજા, ભીખાભાઈ વસરા, કરણભાઈ સોંદરવા તથા વિપુલભાઈ ડાંગર દ્વારા કરવામાં આવી હતી.

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત મહેંદી સ્પર્ધા યોજાઈ





(પ્રતિનિધી દ્વારા)

દ્વારકા તા.૨

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪માં નાગરિકો મહત્તમ મતદાન કરે તે માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મતદારોમાં જાગૃતતા કેળવવા અનેકવિધ પ્રવૃત્તિ હાથ ધરવામાં આવી છે.

સિસ્ટેમેટીક વોટર્સ એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટીસિપેશન (SVEEP) અને ટર્નઆઉટ ઈમ્પલિમેન્ટેશન પ્લાન (TIP) અંતર્ગત જિલ્લામાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થયું હતું. નાગરિકો પણ મતદાન કરે અને અન્યને પણ લોકશાહીના આ પર્વમાં સહભાગી થવા પ્રેરણા આપે એવી અપીલ કરવામાં આવી હતી. આ અન્વયે મતદાન જાગૃતિ કાર્યક્રમ અંતર્ગત જિલ્લાભરમાં સામૂહિક મહેંદી કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં મહિલાઓએ મતદાન જાગૃત્તિ માટે '૭ મે અચૂક મતદાન', 'I Am ready to Vote', ' છે.

આ સૌની જવાબદારી, મત આપે સૌ નરનારી', 'સારે કામ છોડ દો, સબસે પહલે વોટ દો ' જેવા વિવિધ સૂત્રોને અવનવી મહેંદી ભાત મૂકાવીને મહિલાઓએ અનોખી રીતે મતદાન જાગૃત્તિ કાર્યક્રમમાં પોતાનો સહયોગ પૂરો પાડ્યો હતો. આ તકે મહિલાઓએ મતદાન અનુરોધ કરતી મહેંદી મૂકાવી અચૂક મતદાનના શપથ લીધા હતા.

# વેરાવળ લોહાણા મહાજન વાડીમાં રાંદલ માતાના ૧૦૮ લોટાના કાર્યક્રમ ભકિતપુર્વક ઉજવાયો





વેરાવળ તા.૨

વેરાવળ જલ્યાણ ગ્રુપ દ્વારા લોહાણા મહાજન વંડી માં રાંદલ માતાના ૧૦૮ લોટાના કાર્યક્રમ ભકિતભાવ પુર્વક ઉજવાયો હતો તેમાં ૧૭૦૦ થી વધારે ગોરણી સહીત ૨૫૦૦ જેટલા ભકતોએ ભોજન પ્રસાદીનો લાભ લીધો હતો.

લોહાણા સમાજ પ્રમુખ તથા ચેરમેન જલ્યાણ ગ્રુપ ના દીપક કકકડે જણાવેલ હતું કે સમસ્ત જ્ઞાતિ સમાજ ના હીતાર્થે રાંદલ માતાજીના ૧૦૮ લોટાનું આયોજન કરાયેલ હતું યજમાનોદ્વારા પુજા વિધી બાદ સવારે ૧૧ થી ૩ ભોજન પ્રસાદી માં ૧૭૦૦ ગોરણી સહીત ૨૫૦૦ ભકતોએ લાભ લીધો હતો.

સાંજે ૫.૩૦ થી રાત્રે ૧૧ વાગ્યા સધી મહાઆરતી, ગરબા, રાસ રમાયેલ હતો મેલડી માતાજી ના ગ્રુપ તરફથી ગરબાનું ભવ્ય આયોજન થયેલ હતું તેમજ માતાજી પાસે પરંપરાગત ડાકલા રાસ રમાયેલ હતા હજારો શહેરીજનો એ માતાજીના દર્શનનો લાભ લીધો હતો આ કાર્યને સંપન્ન બનાવવા માટે હોદેદરો કાર્યકરો એ જહેમત ઉઠાવી હતી.

સાળંગપુર હનુમાનજી મંદિર પરિસરમાં

# વિશ્વ લેબર ડેની ઉજવણી, હરિપ્રકાશ સ્વામીએ ૮૦૦ શ્રમિકોના કાર્યની સરાહના કર્યા બાદ તેમના ઉપર પુષ્પવર્ષા કરી






સાળંગપુર, તા.૨

ગઈકાલે સમગ્ર વિશ્વમાં લેબર ડે એટલે કે, શ્રમિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. દેશના ખૂણે-ખૂણે શ્રમિકોને સન્માનિત કરવામાં આવી રહ્યા છે. ત્યારે વડતાલધામ દ્વિશતાબ્દી મહોત્સવના ઉપલક્ષમાં વડતાલધામ સંચાલિત વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિર ખાતે પણ દાદાના સાનિધ્યમાં શ્રમિક દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પ.પૂ. શાસ્ત્રી હરિપ્રકાશ સ્વામી (અથાણાવાળા)ની પ્રેરણાથી અને કોઠારી શ્રી વિવેકસાગરદાસજી સ્વામી (અથાણાવાળા)ના માર્ગદર્શનથી મંદિર પરિસરમાં સફાઈનું કામ, નિર્માણાધિન ગોપાળાનંદ યાત્રિક ભવનમાં ચણતર અને પ્લાસ્ટર સહિતનું કામ કરતાં ૮૦૦ શ્રમિકોના કાર્યની હરિપ્રકાશ સ્વામીએ સરાહના કરી પુષ્પવર્ષા કરી હતી. આ પછી હરિપ્રકાશ સ્વામીએ શ્રમિકોને આશીર્વચન આપી દાદાનો પ્રસાદની સાથે દક્ષિણા આપી હતી. મહત્ત્વનું છે કે, મંદિર પરિસરમાં સફાઈનું કામ કરતા અને ગોપાળાનંદ સ્વામી યાત્રિક ભવનમાં ચણતર-પ્લાસ્ટર સહિતનું કડિયા કામ કરતા શ્રમિકો માટે રાત્રે ભવ્ય રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું.

# ખંભાળિયામાં શનિવારે પ્રાગટ્ય મહોત્સવ નિમિત્તે રઘુવંશી જ્ઞાતિની ફરાળી નાત

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયામાં આગામી શનિવાર તારીખ ૪ મે ના રોજ પૂજ્ય શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય મહોત્સવની ધર્મમય ઉજવણીના ભાગરૂપે અત્રે રઘુવંશી જ્ઞાતિજનોના સમૂહ પ્રસાદ (ફરાળી નાત)નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે.

ખંભાળિયાના રઘુવંશી સદગૃહસ્થ કમલેશભાઈ વિઠલાણી દ્વારા આગામી શનિવાર તારીખ ૪ ના રોજ પૂજ્ય શ્રી વલ્લભાચાર્યજીના પ્રાગટ્ય દિન નિમિત્તે અહીંના બેઠક રોડ ઉપર આવેલી શેઠ વી.ડી. બરછા નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના ભાઈઓ તથા બહેનો માટે ફરાળી નાત (સમૂહ જ્ઞાતિ ભોજન) નું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શનિવારે સાંજે ૬:૩૦ થી ૮:૩૦ વાગ્યા સુધી રઘુવંશી જ્ઞાતિના બહેનો માટે તેમજ રાત્રે ૮:૩૦ થી ૧૦ વાગ્યા સુધી જ્ઞાતિના ભાઈઓ માટે સમૂહ પ્રસાદનું આયોજન થયું છે. આ પૂર્વે શનિવારે બપોરે ૧૨:૩૦ વાગ્યે નવી લોહાણા મહાજન વાડી ખાતે સારસ્વત માસ્તાનનું પણ આયોજન કરાયું છે. આ આયોજનમાં ખંભાળિયાના મૂળ વતની અને રાજ્યસભાના સાંસદ શ્રી પરિમલભાઈ નથવાણી પણ ખાસ ઉપસ્થિત રહેશે. આ સમૂહ પ્રસાદમાં ખંભાળિયા ઉપરાંત કલ્યાણપુર, ભાટિયા, રાવલ, મીઠાપુર સહિત બારાડી વિસ્તારના રઘુવંશી જ્ઞાતિજનોને પણ સહભાગી થવા કમલેશભાઈ વિઠલાણી દ્વારા અપીલ કરવામાં આવી છે.

આ ફરાળી નાતના સુચારૂ આયોજન માટે ગઈકાલે બુધવારે સાંજે અત્રે નવી લોહાણા મહાજન વાડી ખાતે રઘુવંશી જ્ઞાતિના આગેવાનો, હોદેદારો તથા ટ્રસ્ટીઓની એક મિટિંગનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતા.

# સોમનાથ મહાદેવના દર્શન કરી ભગવાન ભોળાનાથના આશિર્વાદ મેળવતી બાઈક ચાલક યુવતી



(પ્રતિનિધી દ્વારા)

પ્રભાસ પાટણ તા.૨

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ મહાદેવ મંદિરે કર્ણાટકના ૨૨ વર્ષની યુવતી ભાગીરથ રમેશ અજગોડે દર્શન કરી ધન્યતા અનુભવી.

તેઓ ૨૦ દિવસમાં ભારતના તમામે તમામ બાર જયોર્તીલીંગ અને સાથે કોઈપણ નહીં તેવી બાઈક યાત્રા કરતી એકલી યુવતી બાઈક યાત્રા કરી વિશ્વ રેકોર્ડમાં સ્થાન મેળવવા મહેનત કરી રહી છે.

કર્ણાટકના હુબલીના રહેવાસી તેઓ ત્યાં એનસીસી ભરતીમાં ગયા હતા જે તેનં સ્વપ્ન હતું પરંતુ તેને બે વર્ષ વધુ હોઈ ઉંમર બાધ કારણે પસંદગી ન થતા હતાશા થઈ.પ્રથમ તબકકે નિરાશા અને ગુસ્સો પણ થયો પણ બીજી જ પળે તેને ભગવાન ભોળનાથને યાદ કર્યા અને નક્કી કર્યુ કે ચેલેન્જ સ્વીકારો અને પડકારોનો દરીયો પાર કરો અને ભારતના બાર જયોતિર્લીંગોની બાઈક ઉપર ૨૦ દિવસમાં અને એ પણ માત્ર એકલી જ યુવતી કોઈ સાથે નહીં તેવી બાઈક યાત્રા કરી આટલા દિવસમાં કોઈ યુવતીએ બાઈક યાત્રા આ રીતે કરી વિશ્વ રેકોર્ડમાં નામ નથી તે રેકોર્ડ બનાવવા યાત્રા શરૂ કરી.

તા.૨૫ એપ્રિલ હુબલીથી સવારે ૯ વાગ્યે યાત્રાનો પ્રારંભ થયો. દરરોજ ૫૦૦ થી ૫૫૦ કિલોમીટર યાત્રા કરે છે. પિતા રમેશ અને માતા સીમાના તેમને આશિર્વાદ છે. ૭ જયોતિર્લીંગ પુરા થયાં છે. સોમનાથ સાતમું અને હવે નાગેશ્વર તરફ પ્રયાણ કર્યુ છે.

સોલો સાઈઝની બાઈક રોયલ ઈન્ફીલ્ડ છે દરરોજ સવારે ત્રણ વાગ્યે ઉઠી, ધ્યાન યોગ કરી ગાડીની સફાઈ કરી સવારે ૫-૩૦ વાગ્યૂ સફળ શરૂ કરે જે ૧૨ વાગ્યા સુધી અને સાંજે ૪-૩૦થી ૬-૩૦ સુધી સફર કરે છે. ગાડીની સ્પીડ ૮૦થી ૧૦૦ કીમીની હોય છે. બસ એક જ ધુન છે હમ હોંગે કામયાબ.

# જૂનાગઢમાં હુઝુર અમીરે અહલે સુન્નતના ૨૬ માં ઉર્ષ શરીફનું શાનદાર આયોજન

જૂનાગઢ તા.૨

જૂનાગઢ ખાનકાહે રવિય્યાહ નૂરિય્યાહ તરફથી સૌરાષ્ટ્રના મશહૂર બુઝુર્ગ અમીરે અહલે સુન્નત ખલીફએ હુઝુર મુફ્તીએ આઝમે હિન્દ હઝરત પીર અલ્હાજ નુરમોહંમદ બાપુ મારફાની સાહેબ રહમતુલ્લાહી તઆલા અલયહના ૨૬ માં વાર્ષિક ઉર્ષ શરીફનું શાનદાર આયોજન પીરે તરીકત, હુઝુર ગુલઝારે મિલ્લત હઝરત અલ્લામાં ગુલઝાર અહમદ સાહબ નૂરી ની ઝેરે સદારતમાં તા. ૫-૫-૨૦૨૪, રવિવારે સાંજે મગરીબની નમાઝ બાદ થી રાત્રીના ૧૦ વાગ્યા સુધી મર્કઝે એહલે સુન્નત, મસ્જીદે રઝામાં એક શાનદાર જલ્સાનું આયોજન કરવામાં આવેલ છે. જેમાં ખત્મે કાદરીયા શરીફ બાદ બુબબુલે બાગે મદીના મૌલાના હબીબુલ્લાહ સાહબ મિસ્બાહી, તેમના મધુર કંઠે નાતે રસુલ તથા મનકબત પેશ કરશે. ત્યાર બાદ ખલીફએ હુઝુર તાજુશ્રીયાહ હઝરત મુફ્તી મોહંમદ અશરફ રઝા સાહેબ - રતનપુર (ખેડા) શાનદાર તકરીર ફરમાવશે. આ ઉર્ષના મુબારક પ્રસંગે હઝરત મુફતી હસીબુર્રહમાન સાહેબ (સદર મુફતી : દારૂલ ઉલુમ અન્વારે મુસ્તફા - જુનાગઢ) હઝરત મુફતી મુનવ્વર રઝા સાહેબ-ધોરાજી, મૌલાના સૈયદ સાજીદ બાપુ, હાફીઝ સાબીર રઝા સાહેબ, મૌલાના કારી નિયાઝ એહમદ સાહેબ, હાફીઝ કારી મોહંમદ રાશીદ સાહેબ, હાફીઝ મોહંમદ રેહાન રઝા સાહેબ, હાફીઝ રૂહુલ અમીન સાહેબ, મૌલાના ઈસ્માઈલ બરકાતી સાહેબ તેમજ જુનાગઢના ઉલ્માએ કિરામ, મસ્જીદોના ઈમામ સાહેબો, પીરાને તરીકત, સાદાતે કિરામ ખાસ હાજરી આપશે. જલ્સો પૂર્ણ થયા બાદ આમ ન્યાઝ જમાડવામાં આવશે.

આ ઉપરાંત તા. ૪-૫-૨૦૨૪ શનિવારે રાત્રે ઈશાંની નમાઝ બાદ હુઝુર અમીરે અહલે સુન્નતના આસ્તાના પર ખત્મે કાદરીયાહ શરીફ, નાત શરીફ, સલાતો સલામ તથા દુઆએ ખેરનો રૂહાની પ્રોગ્રામ થશે. તથા તા. ૫-૫-૨૦૨૪ રવિવારે સાંજે અસરની નમાઝ બાદ હુઝુર અમીરે અહલે સુન્નતના આસ્તાના પર ખત્મે કુંઆન શરીફ, નાત શરીફ, ચાદર પોશી, સલાતો સલામ તથા દુઆએ ખૈરનો રૂહાની પ્રોગ્રામ થશે. આ ઉર્ષ શરીફના મુબારકપ્રસંગે સર્વ મુસ્લીમ બિરાદરો તથા મુરીદોને બહોળી સંખ્યામા હાજરી આપવા ખાનકાહે રવિય્યાહ નૂરીય્યાહની યાદી જણાવે છે.

## ખંભાળિયાનો શખ્સ ગેરકાયદેસર હથિયાર સાથે ઝડપાયો

(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા, તા.૨

ખંભાળિયામાં રાવલીયા પાડા વિસ્તારમાં રહેતા જેસા નઢા માણેક નામના ૪૮ વર્ષના શખ્સને હરીપર ગામ પાસેથી પોલીસે રાત્રિના સમયે પરવાના વગરની જામગરી બંદૂક સાથે નીકળતા ઝડપી લીધો હતો. એસ.ઓ.જી. પોલીસની આ કાર્યવાહીમાં રૂપિયા ૧,૦૦૦ ની કિંમતનું અગ્નિશસ્ત્ર પોલીસે કબજે લઈ, આરોપી જેસા માણેક સામે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે.

## દ્વારકા : સંવેદનશીલ બુથ વિસ્તારમાં ફલેગ માર્ચ યોજાઈ



દ્વારકા તા. ૨

આગામી સમયમા યોજાનાર લોકસભા ચૂંટણી-૨૦૨૪ અન્વયે કાયદો વ્યવસ્થા જળવાય રહે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થાય તે હેતુથી તકેદારી રૂપે CAPF/CISF જવાનો સાથે વિસ્તારના સાંપ્રદાયિક/સંવેદનશીલ વિસ્તારમા તેમજ સંવેદનશીલ બુથ વિસ્તારમાં ખાસ ફલેગમાર્ચમાં યોજવામાં આવેલ જેમાં મીઠાપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓ તેમજ CAPF/ CISF અધિકારીશ્રી/ કર્મચારીઓ જોડાયા હતા.

### જૂનાગઢ, અમરેલી, પોરબંદરની બેઠક ઉપર જીતની હેટ્રીક સર્જવા

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે જૂનાગઢમાં ચૂંટણી સભા : ભારે ઉત્સાહ

## વડાપ્રધાનને સાંભળવા ત્રણે જીલ્લાની જનતા ઉમટી પડી : ડેમેજ કંટ્રોલની કવાયત અને ગેરંટીનો જાદુ છવાશે ?



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢ, અમરેલી અને પોરબંદર લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવારને જીત અપાવવાના ભાગરૂપે આજે જૂનાગઢમાં કૃષિ યુનિવર્સીટીના કેમ્પમાં વડાપ્રધાન નરેન મોદીની જાહેરસભા યોજવામાં આવી રહી છે. આ લખાય છે ત્યાં સુધીમાં જૂનાગઢનું કૃષિ યુનિવર્સિટી કેમ્પસમાં વિશાળ જનમેદની ઉમટી પડી છે અને બસ નિર્ધારીત સમયે વડાપ્રધાનના ઉદબોધનનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. તો બીજી તરફ ભાજપના ત્રણે જીલ્લાના કાર્યકર્તાઓ ભારે ઉત્સાહીત બન્યા છે અને નવા જોમ અને જુસ્સાથી ચૂંટણીની તૈયારીમાં લાગી ગયા છે. ગુજરાતની ૨૬ લોકસભાની બેઠક પૈકી સુરતની બેઠક ભાજપ માટે બીનહરીફ થતા ૨૫ બેઠક માટે આગામી તા.૭મી મેના રોજ ચૂંટણી યોજાવાની છે અને આ ચૂંટણીમાં ગુજરાતની બધી જ બેઠકો ઉપર જીત મેળવી અને અબકી બાર ૪૦૦ને પારનો લક્ષ્યાંક વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યો છે. એટલું જ નહી દરેક બેઠક જંગી બહુમતીથી લીડ મેળવવાનો લક્ષ્યાંક પણ રાખેલ છે. ગુજરાતની ૨૫ લોકસભાની બેઠકો પૈકી કેટલીક બેઠકો ઉપર ખુબ જ ધ્યાન આપવાની જરૂર છે. ડેમેજ કંટ્રોલ કરવું પડે તેવી સ્થિતિ સર્જાતા ભાજપના વરીષ્ઠ નેતાઓની દ્વારા ડેમેજ કંટ્રોલની કવાયત હાથ ધરાઈ હતી. દરમ્યાન દર વખતની જેમ આ વખતે પણ ચૂંટણીના પાંચ દિવસ પૂર્વે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ઝંઝાવાતી પ્રવાસ ગોઠવાયો છે. જેમાં ગુજરાતમાં ગઈકાલે ચૂંટણી સભાઓ યોજાયા બાદ આજે જૂનાગઢના આંગણે એટલે કે કૃષિ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચૂંટણી સભાનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. છેલ્લા એક અઠવાડીયા થયા તડામાર તૈયારીઓ હાથ ધરાઈ હતી અને કૃષિ યુનિવર્સિટીના કેમ્પસના મેદાનમાં વિશાળ ડોમ ઉભું કરવામાં આવેલ છે. તેમજ ઉનાળાનો આકરો તાપ વરસીરહ્યો છે અને સખ્ત ગરમીના સમયમાં વીઆઈપીથી લઈ જનમેદની માટે આગવી વ્યવસ્થા ઉભી કરાઈ છે. દરમ્યાન જૂનાગઢ, અમરેલી અને પોરબંદર લોકસભાની બેઠક ઉપર જીતની હેટ્રીક સર્જવા માટે આજે આ ચૂંટણી સભા યોજાઈ રહી છે. ત્યારે આ લખાઈ રહ્યું છે ત્યારે સભા સ્થળે માનવ મેદની ઉમટી પડી છે અને કાર્યકર્તાઓમાં હરખની હેલી ઉઠી છે. તેમજ હું છું મોદીનો પરિવાર વાળા ટી શર્ટ પહેરેલા યુવાનો અનોખું દ્રશ્ય સર્જી રહ્યા છે. યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનની ઘડીઓ ગણાઈ રહી છે.



વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમનને શાનદાર રીતે વધાવવામાં આવનાર છે અને બસ હવે થોડીવારમાં જેનો સાંભળવા માટે રાહ જોવામાં આવી રહી છે તેવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાની આગવી શૈલીમાં ઉદબોધન કરનાર છે ત્યારે મોદીજીને સાંભળવા જનતા ઉત્સુક બની છે.

### ચકલુય પ્રવેશી શકે નહી તેવું અભેદ સુરક્ષા ચક્ર

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરસભાને લઈ પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આજે જૂનાગઢમાં કૃષિ યુનિવર્સિટી કેમ્પસ ખાતે ચૂંટણી સભા યોજવામાં આવી છે. ત્યારે વડાપ્રધાનની સુરક્ષાને લઈને પોલીસનો લોખંડી જાપ્તો ગોઠવાયો છે.

ગઈકાલથી કૃષિ યુનિવર્સિટી કેમ્પસથી લઈ મુખ્ય માર્ગ અને સભા સ્થળ સુધીના ચપ્પેચપ્પાની જગ્યા ઉપર બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાના માર્ગદર્શન હેઠળ બંદોબસ્ત ફાળવવામાં આવ્યો છે. જેમાં ૭ એસપી, ૧૫ ડીવાયએસપી, ૨૨ પીઆઈ, ૧૧૭ પીએસઆઈ, ૧૦૫૧ પોલીસ કર્મી, ૧૮૪ એસઆરપી, ૬૦૦ હોમગાર્ડ, જીઆરડી સહિત ૨૨૫૦થી વધુનો સ્ટાફ બંદોબસ્તમાં છે. ઉપરાંત વિશેષ જવાબદારી સુભાષ ત્રિવેદીને સોંપવામાં આવી છે અને પોલીસ તંત્ર સાબદુ અને ચોકશું છે.

# બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જૂનાગઢનો આવતીકાલે ૧૮મો પાટોત્સવ ઉજવાશે

## અભિષેક વિધી, મહાપૂજા વિધી, પાટોત્સવ સભા, મહાપ્રસાદ સહિતના કાર્યક્રમો યોજાશે



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૨

બીએપીએસ સ્વામિનારાયણ મંદિર જૂનાગઢના ૧૮માં પાટોત્સવની આવતીકાલે ભવ્ય ઉજવણી થશે અને વિવિધ કાર્યક્રમો યોજવામાં આવશે. ભગવાન સ્વામિનારાયણ અને ગુણાતીત ગુરૂ પરંપરાની ચરણરજથી પ્રસાદીભુત થયેલ ગુણાતીત સ્થાન જૂનાગઢને પૂજય પ્રમુખસ્વામી મહારાજે ભવ્ય શિખરબધ્ધ મંદિરની ભેટ આપી છે અને તેનો ૧૮મો પાટોત્સવ સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. અક્ષરચરણ સ્વામી (સાળંગપુર)ની ઉપસ્થિતિમાં આવશે. આ પાટોત્સવ નિમિતે પંચ દિવસીય પ્રારાયણનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આવતીકાલ તા.૩-૫-૨૦૨૪ શુક્રવારે ૬:૩૦થી ૮ દરમ્યાન અભિષેક વિધી, સાંજે ૫:૩૦થી ૭ દરમ્યાન મહાપૂજા વિધી તેમજ સાંજે ૭થી ૮:૩૦ દરમ્યાન પાટોત્સવ સભા, સાંજે ૮:૩૦ વાગ્યે મહાપ્રસાદ તેમજ પંચદિવસીય પારાયણનું આયોજન કરેલ છે. પારાયણ વકતા સંત પૂ. અક્ષરચરણ સ્વામી અને પૂ.જ્ઞાનયન સ્વામી આગવી શૈલીમાં પારાયણનો ધર્મલાભ આપશે. ગઈકાલથી તા.૪ મે ૨૦૨૪ રાત્રે ૯થી ૧૦:૪૫ દરમ્યાન કાર્યક્રમ યોજાશે. આ ઉપરાંત આવતીકાલ તા.૩ મે ૨૦૨૪ સાંજે ૭થી ૮:૩૦ દરમ્યાન અને તા.૫ મે ૨૦૨૪ સાંજે ૫:૩૦ થી ૮:૩૦ દરમ્યાન કાર્યક્રમ યોજાશે. ધર્મપ્રેમી જનતાએ અને હરીભકતોએ આ કાર્યક્રમનો લાભ લેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવેલ છે. પ.પૂ. મહંત સ્વામી મહારાજના આર્શીવાદ સાથે સર્વે સંત મંડળ વતી પૂ. કોઠારી શ્રી સાધુવિનયદાસજી દ્વારા ભાવિકોને આમંત્રણ અપાયું છે.

# જૂનાગઢમાં આવતીકાલે ૩,૦૦૦થી વધુ ક્ષત્રિયોનું મહા સંમેલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢમાં આવતીકાલ તા.૩ મે - શુક્રવારે જૂનાગઢ જિલ્લાના સમસ્ત ક્ષત્રિય સમાજનું મહા સંમેલન યોજાશે. હાલમાં પુરૂષોત્તમ રૂપાલા મામલે જે વિવાદ ચાલી રહ્યો છે તે મુદ્દાને પણ ધ્યાને રાખીને રણનિતી ઘડવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે. આ અંગે જૂનાગઢ સ્થિત રાજપુત કરણી સેનાના જિલ્લા પ્રમુખ ધર્મેન્દ્રસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ક્ષત્રિયો વિશે પુરૂષોત્તમ રૂપાલાએ કરેલા વાણી વિલાસ બાદ સમગ્ર દેશના ક્ષત્રિયોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. અનેક ગામોમાં ક્ષત્રિય સમાજના મહા સંમેલન યોજાઇ રહ્યા છે. ત્યારે હવે જૂનાગઢમાં પણ મહા સંમેલન યોજાવા જઇ રહ્યું છે. જૂનાગઢ જિલ્લાના તમામ ક્ષત્રિય સમાજનું આ મહા સંમેલન આવતીકાલ શુક્રવાર તા.૩ મે એ શહેરના ખલીલપુર રોડ સ્થિત ગોલ્ડન ફાર્મમાં સાંજના ૫:૩૦ વાગ્યાથી યોજાશે. આ મહા સંમેલનમાં સમગ્ર જિલ્લામાંથી અંદાજે ૩ થી ૪ હજાર જેટલા ક્ષત્રિયોની ઉપસ્થિતી રહેશે. આ સંમેલનમાં હાલની સ્થિતીને લઇને પણ મહત્વના નિર્ણય કરવામાં આવી શકે છે. ખાસ કરીને પુરૂષોત્તમ રૂપાલાને હટાવવાની માંગ હતી જે સંતોષાઈ નથી. ત્યારે હવે તા.૭ મેએ યોજાનાર લોકસભાની ચૂંટણીમાં કોને મત આપવો કે કોને મત ન આપવો તે અંગેનો નિર્ણય પણ આ સંમેલનમાં થઈ શકે છે. જોકે, આ સંમેલન એકદમ શાંતિપુર્ણ રીતે અને સંપૂર્ણ લોકશાહી ઢબે યોજાશે તેમ જાણવા મળે છે.

# વિસાવદરના સરસઈ ગામે ખેતરમાં ટ્રક ચલાવવા બાબતે ઠપકો આપતા મહંતને ગાળો દીધી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

વિસાવદર તાલુકાના સરસઈ ગામે આવેલ કંજડેશ્વર મહાદેવ આશ્રમના મહંત કાળુભારતી ગુરૂ વિઠ્ઠલભારતી(ઉ.વ.૩૫)એ જીજે-૧૦-ટીટી-૮૫૧૨ના મજુર તેમજ એક અજાણ્યો મોટરસાઈકલ તેમજ મયુર સાકરીયા રહે.માંડાવડ તથા તેની સાથેનો અજાણ્યો શખ્સ વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી ટ્રક નંબર જીજે-૧૦-ટીટી-૮૫૧૨ના મજુર તથા એક અજાણ્યા મોટરસાઈકલ ચાલકને ખેતરમાંથી ટ્રક નહી ચલાવવા દેવા માટે ઠપકો આપવા જતા આરોપીઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ફરિયાદીને બિભત્સ શબ્દો કહી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા વિસાવદર પોલીસે આરોપીઓ વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢમાં સ્કુટર ચાલકને લાઈનમાં ઉભા રહેવાનું કહેતા ઝાપટ મારી ધમકી આપી : ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૨

જૂનાગઢમાં લાઈનમાં ઉભા રહેવાનું કહેતા સ્કુટર ચાલકે ઝાપટ મારી ધમકી આપી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, જૂનાગઢમાં દોલતપરા ખાતે આવેલા શાંતીલાલ પરમાણંદ પેટ્રોલીયમ ખાતે બનેલા બનાવ અંગે જીવનધારા-૧, પ્રિયા પાન વાળી ગલીમાં, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે રહેતા ફરિયાદી દિવ્યેશભાઈ ભગવાનજીભાઈ વાઘેલા(ઉ.વ.૪૨)એ એક બર્ગમેન સ્કુટર નંબર જીજે-૧૧-સીજી-૦૮૦૪ના ચાલક વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી પોતાની નોકરીના ફરજ ઉપર હાજર હતા ત્યારે આ કામના આરોપી બર્ગમેન સ્કુટર નંબર જીજે-૧૧-સીજી-૦૮૦૪નો ચાલક આવેલ અને તેને લાઈનમાં ઉભા રહેવાનું જણાવતા તે ઉશ્કેરાઈ ગયેલ અને ફરિયાદીને ગાળો આપી ઝાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી ગયાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ એ ડીવીઝન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.પી. કરમટા ચલાવી રહ્યા છે.


સ્ટાફ જોઇએ છે

ગ્રેજ્યુએટ સ્ટાફ, એકાઉન્ટ તથા કોમ્પ્યુટરના જાણકાર ઉત્સાહી યુવકની જરૂર છે. ઉંમર: ૨૨ થી ૪૦ (જુનાગઢમાં રહેતા વ્યક્તિએ જ સંપર્ક કરવો)

સમય : સવારે ૯-૧૫ થી સાંજે ૮-૩૦ સુધી

Mo. 9825815796

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત (કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)

ડૉ. ધવલ સંઘવી

બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune

સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર

એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૬૩૨૮ ૫૫૪૩૪૩

ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો




તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત

વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક

દરેક જગ્યાએ ઉપલબ્ધ

કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ

સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી

અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

MI-GL

બીના ઈલેક્ટ્રોનિક્સ

Kelvinator

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક. LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોકયુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.


ઓપરેશનો મફત... ઓપરેશનો મફત... ઓપરેશનો મફત

● પીએમજય / આયુષ્યમાન કાર્ડ ધારકો માટે જ

હરિ-કલા + યુરોસર્જીકલ હોસ્પિટલ

ડો. જયંત એચ. પંડયા

જનરલ લેપ્રોસ્કોપી સર્જન અને એનોરેક્ટલ સર્જન



ઉપલબ્ધ સેવાઓ :

- હરસ, મસા, ભગંદર માટેની અદ્યતન IRCA,HAL LASER મશીનથી એક દિવસમાં સર્જરી અને રજા અને ગેરેંટીથી નાબૂદ થશે
- પથરી, પ્રોસ્ટેટ, સારણ ગાંઠ, એપેન્ડીકસના લેપ્રોસ્કોપી દૂરબીનથી ઓપરેશનો

પહેલો માળ, શ્રીજી ટાવર, કોર્ટ રોડ, જુના બસસ્ટેશન સામે, જૂનાગઢ-૧ ફોન : (૦૨૮૫) હો. ૨૬૨૪૫૯૪, મો. ૯૪૨૮૫ ૭૫૮૮૭, ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

બીજી બ્રાંચ: હેલ્થ પ્લસ મલ્ટીસ્પેશ્યાલીટી હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર લાલબહાદુરશાસ્ત્રી સોસાયટી, બસસ્ટેશન રોડ, જૂનાગઢ

મો. ૯૮૨૪૨ ૮૯૫૫૪, ૯૮૨૪૨ ૧૩૫૯૪

તમારા મતથી

1 કરોડ ગ્રામીણ મહિલાઓને લખપતિ દીદી બનાવી

આ વખતે તમારા મતથી 3 કરોડ મહિલાઓને લખપતિ દીદી બનાવીશું સ્વસહાય જૂથો દ્વારા રોજગારીની નવી તકો પૂરી પાડીશું

આ છે મોદીની ગેરંટી



નિયત સારી તો પરિણામ સારા



ફરી એક વાર મોદી સરકાર

કમળનું બટન દબાવો ભાજપને જીતાડો